આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૫ • અંક : ૧

સળંગ અંક : ૧૦૧૩

એપ્રિલ-૨૦૨૫




## અમારો ચિત્રખંડ

# સરસ્વતી વિદ્યામંડળની પ્રાથમિક શાળા સરસ્વતી કુમાર શાળા-૧ દ્વારા યોજવામાં આવેલ વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૫ની સુંદર પ્રતિકૃતિઓ

















# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૩ એપ્રિલ - ૨૦૨૫



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.


**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭**
**મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩**


## અનુક્રમ


| | |
|---|---|
| ગૃહસ્થ ગીતા | /૪ |
| સંપાદકીય : શાળાનો વાર્ષિકોત્સવ શા માટે? | જ્યોતીન્દ્રભાઈ દવે/૫ |
| અખંડ શિક્ષક | ઈશ્વર પરમાર/૬ |
| બાળક તરફની આપણી દૃષ્ટિ | હરભાઈ ત્રિવેદી/૧૨ |
| સાંપ્રત સમસ્યાનો ઉકેલ | અરૂણભાઈ દવે/૧૫ |
| એટિકેટ ! | ડંકેશ ઓઝા/૧૬ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા/૧૮ |
| બ્રાહ્મણની જનોઈનો સાચો ઉપયોગ | નીલેશભાઈ મહેતા/૨૮ |
| પુસ્તક પરિચય - સંવેદનાની સરવાણી | અશોક સોમપુરા/૨૯ |
| બહેનો અને બાપુ | ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'/૩૦ |
| આવા હતા એ શિક્ષિકા | અશોક સોમપુરા/૩૧ |
| મૂઠી ઊંચેરા માનવી - મોતીભાઈ ચૌધરી | મનુભાઈ જે. પટેલ/૩૨ |
| બાળકોને સહનશીલ અને ખડતલ બનાવો | બી. જી. કાનાણી/૩૬ |
| શાળા સમયના ફેરફારથી વિદ્યાર્થીઓમાં તણાવ ઘટશે | ડૉ. નાનકભાઈ ભટ્ટ/૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૦ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)


# ગૃહસ્થ ગીતા

આતિથ્ય ઘરનો વૈભવ છે.
પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે.
વ્યવસ્થા ઘરની શોભા છે.
સમાધાન એ ઘરનું સુખ છે.
સદાચાર એ ઘરની સુવાસ છે.
એ ઘરમાં સદા પ્રભુનો વાસ છે.
દેવું થાય તેવું ખર્ચશો નહીં,
પાપ થાય તેવું કમાશો નહીં.
કલેશ થાય તેવું બોલશો નહીં,
ચિંતા થાય તેવું જીવશો નહીં.
રોગ થાય તેવું ખાશો નહીં.
સાચું બોલો ને શાંતિ ધરો,
હક્કનું ખાઓ ને ઈશ્વરને ભજો





# *સંપાદકીય*



જ્યોતીન્દ્રભાઈ દવે

## શાળાનો વાર્ષિકોત્સવ શા માટે?

જાન્યુઆરી માસમાં શાળાના વાર્ષિક ઉત્સવોની ઉજવણી કરવામાં આવી. ૭ શાળાઓના ૩૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ડિસેમ્બર/જાન્યુઆરી મહિનામાં તમામ શાળાના વાતાવરણમાં એક મોટો બદલાવ જોવા મળ્યો. શાળા કક્ષાએ શું કરવું? તેની વિચારણા શરૂ થઈ. નાટકોના પુસ્તકો- કયું નાટક પસંદ કરવું - નાટક પસંદ કરતી વખતે શાળાના વિદ્યાર્થીઓની કક્ષા અને વિષયવસ્તુનો વિચાર કરી નાટક પસંદ થયા. નાટકોની સાથે અન્ય કયા કાર્યક્રમો આપવા. વિદ્યાર્થીઓ અનેક આઈટમ લઈને આવ્યા. વ્યસનમુક્તિ - સફાઈ - મોબાઈલ - પરીક્ષાનો તનાવ વગેરે અનેક વિષયો પર દરખાસ્ત અને સૂચનો આવ્યા. અંધશ્રદ્ધા અને પર્યાવરણ વિષયક નાના મોટા પ્રહસનો લખવાનું શરૂ થયું. પાત્રોની પસંદગી શરૂ થઈ. સ્ક્રિપ્ટ તૈયાર થઇ. જુદા જુદા જૂથ વચ્ચે કાર્યક્રમો વહેંચવામાં આવ્યા. પ્રેક્ટિસ શરૂ થઈ. પ્રેક્ટિસનો સમય શું રાખવો તેની ચર્ચાઓ અને વાદ-વિવાદ થયા. સંગીત મંડળીને ગીતો આપવામાં આવ્યા તો ક્યાંક ગીત-ગરબાની પસંદગી યુ-ટ્યુબ કે આલ્બમમાંથી શોધવામાં આવી તેનું રેકોર્ડિંગ અને ગુણવત્તાનો વિચાર કરવામાં આવ્યો.

ઉપર મુજબની પ્રાથમિક તૈયારી પછી દરેક જૂથને જુદા જુદા કાર્યક્રમની જવાબદારી સોંપવામાં આવી. કેટલીક આઈટમ ધોરણ પ્રમાણે પસંદ કરવામાં આવી. કેટલાંકમાં સમગ્ર શાળામાંથી વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા - નૃત્ય અને ગરબા રાસની પ્રેક્ટિસ શરૂ થઇ - વેશભૂષા અંગે વિચારણા કર્યા પછી શાળા કે વિદ્યામંડળમાં જે કોસ્ચ્યુમ છે તેમાંથી કયા ઉપયોગમાં આવશે તેની વિચારણા કરવામાં આવી. વેશભૂષા ભાડેથી લાવવી હોય તો ખર્ચનો વિચાર કરવામાં આવ્યો. મેકઅપ અંગેની વિચારણા કરવામાં આવી. કોણ કરશે અને કયો મેકઅપ થશે તેના નિર્ણયો લેવામાં આવ્યા.

મંચ-સજ્જા-માઇક અને પ્રેક્ષકોની બેઠક વ્યવસ્થા અંગે એક ટુકડીને જવબાદારી સોંપવામાં આવી. મહેમાનની પસંદગી - તે અંગેની બેઠકવ્યવસ્થા અને સમય અંગે વિચારણા કરવામાં આવી.

આમંત્રિતો અને વાલીઓની બેઠકવ્યવસ્થા વિચારવામાં આવી. કેટલા માઇકની જરૂરિયાત પડશે? બટન માઇકમાં બાળકોને શું મુશ્કેલી પડશે તેનો વિચાર કરવામાં આવ્યો. ઉદ્‌ઘોષક તરીકે કોને પસંદ કરવા તેની સ્ક્રિપ્ટ કોણ અને કેવી લખશે તે અંગે વિચાર કરવામાં આવ્યો.

ઉપરોક્ત લાંબી યાદી વાંચ્યા પછી વાચકના મનમાં થશે કે તંત્રી કહેવા શું માંગે છે? અમારે માત્ર એટલું જ કહેવું છે કે વાર્ષિક ઉત્સવની તૈયારી દરમિયાન ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેનો ઉકેલ એ જ સાચું ભણતર અને ગણતર છે. કેટકેટલા પ્રશ્નો અને તેનો ઉકેલ અને નિરાકરણ તે સાચી વ્યવહારુ તાલીમ છે. સાહિત્ય, નાટ્યકલા, સંગીત, સુશોભન, વ્યવસ્થા શક્તિ, આંતરિક માનવીય સંબંધો, માનવીય સમૂહ વચ્ચે સંવાદ, વાંધા વચકા અને સમાધાન આ બધું જ વાર્ષિક ઉત્સવ દરમિયાન વિદ્યાર્થીઓને, શિક્ષકોને અને આચાર્યોને શીખવા મળે છે માટે જ દરેક શાળાઓમાં સાચા અર્થમાં વાર્ષિક ઉત્સવ થાય તે ખૂબ જરૂરી છે. દરેકની આંતરિક શક્તિને બહાર લાવવાનો આ શૈક્ષણિક ઉત્સવ છે.

**આ જ સાચી જીવનલક્ષી કેળવણી છે.**

# અખંડ શિક્ષક

- ઈશ્વર પરમાર

આકાશે પોતાનાં અંત વગરના અંગ પર વીજરેખાઓ દોરી-ભૂંસીને દરિયાને જાણે ચાનક ચડાવી અને એય માંડ્યો ધૂણવા ને ઘૂઘવવા. એના અંત વગરના અંગ પર હાલકડોલક થતી નાવડીની એણે ક્યાં કાળજી લીધી? નાવડીમાંની યુવાન વિધવાએ એ હોડીમાંનાં પોતાનાં પાંચ બાળકોને બચાવી લેવા ઈશ્વરની ઓથે વીજરેખા જેવો જ આકરો નિશ્ચય કર્યો. છેવટે હાલકડોલક નાવડીને કિનારે લીધી - પાંચેય બાળકોને પડખામાં લઈને.

બાળકો પગભર થયાં ત્યાં લગી કાળી મજૂરી કરી અને ઊજળા વિચાર આપ્યા. બસ, આટલી મૂડી આપીને એ ગરીબ માતાએ - રેવાબહેને-પોતાના તરુણ વયના એક દીકરાને કૌટુંબિક સગપણને નાતે નાનાભાઈને સોંપ્યો : 'ભૈ, આને ભણાવજો અને કેળવજો.'

નાનાભાઈની સહજ શીખ તરુણને હૈયે તીરની જેમ ખૂંચી ગઇ : 'જુઓ, મૂળશંકર, અહીં એકલું ભણવામાં હોંશિયાર થવાનું નથી, પ્રમાણિક પણ થવાનું છે.' સમય જતાં 'હોશિયારી' અને 'પ્રમાણિકતા'ને તેની વિશાળ વ્યંજના સહિત પચાવી જઈને એણે અખંડ સાધના કરી. પોતાનો પરમ સંતોષનો સૂર અનંત સૂર સાથે સંયોજી દીધો. એ દિવ્ય સૂરોથી આકારિત મૂળશંકરપણું અમિટ છે. એ એક એવો મૂર્તિમંત આદર્શ છે જે આજની ખંડિત સ્થિતિમાં આપણને અખંડ શિક્ષકત્વ તરફ દોરી જાય છે.

મૂળશંકરભાઈ અખંડના એવા તો આરાધક હતા કે એમનું વ્યક્તિત્વ નિરાયાસ અખંડ થઈ રહ્યું. સ્પેશલિઝેશન - વિશિષ્ટ છતાં એકાંગી સિદ્ધિના મોહમાં વ્યક્તિત્વ ખંડિત થઈ જાય છે. કોઈ શિક્ષકનું નિયત વિષયના જ નિષ્ણાત હોવું, શિક્ષણની પદ્ધતિઓમાં જ પારંગત હોવું, ચોક્કસ વય-જૂથનાં બાળકોની જ વિકાસ-તરાહના અભ્યાસી હોવું, કેવળ કલમધર હોવું, નિયત સમય પૂરતા જ શિક્ષક હોવું આ બધી બાબતો ઈચ્છનીય જરૂર છે પરંતુ આટલું પૂરતું ગણી શકાય નહીં. આરાધન તો અખંડત્વનું જ હોય. એ દિશામાં જીવનસફળ કરીને મૂળશંકરભાઈ એક અખંડ શિક્ષક તરીકેની છાપ અનાયાસ આપણા ચિત્ત પર પાથરી ગયા છે.

એમ લાગ્યા વિના રહેતું નથી કે એમની અખંડતાના પાયામાં રહ્યું છે સંગીત. સંગીતમાં ક્યાં એક જ સૂર હોય છે? સાતેય સૂરોનું સંયોજન કેવું પ્રસન્નકર હોય છે! સંગીતના અધિકારી સાધક મૂળશંકરભાઈને અખંડતા વરે એમાં શી નવાઈ? એમની વ્યાવસાયિક

કારકિર્દીનો આરંભ સંગીત-શિક્ષક તરીકે થયેલો, આથી એમનું અધ્યાપન પણ સંગીત જેવું પ્રભાવી અનુભવાયું. શિક્ષણની સિતાર માટે પ્રેમની જિવાળી; એમના વિના કોણ પ્રયોજે આ અલંકાર!

સિતારાની મીંડની મસ્તી મૂળશંકરભાઇને વિસામો આપતી, તાજગી આપતી, પરમની સંગત આપતી. એમનું ગાવાનું પણ ગવાયા પછી ગૂંજ્યા કરતું. ન જાગતા આતમરામને મૃદુતાથી ટપારતા એમના સ્વરો શ્રોતાઓના કાનમાં હજુય પડઘાય છે.

સંગીતે એમના જીવનને-સવિશેષ શિક્ષણને સંવાદ આપ્યો જણાય છે. આથી જ એમના વિચારોમાં તત્ત્વ અને તાલનો મેળ થવા પામ્યો છે. વિવિધ બાબતે એમના વ્યક્ત વિચારો પણ સંગીતની જેમ ધીમે ધીમે ભાવકને વીંટે છે, ચિત્તમાં ઝમે છે, પરિપ્લાવિત કરે છે અને પરમ સંતોષનો અનુભવ આપે છે. બાળકોને તો આ અનુભવ અનાયાસ થવા પામતો હોય છે.

મોટી ઉંમરના બાળકો-તરુણો કે યુવકો સાથે સફળતાપૂર્વક કામ પાર પાડનારા મૂળશંકરભાઇએ શિશુ-અવસ્થાનાં લક્ષણો - સમસ્યા - ઉકેલો અંગે ઊંડું ચિંતન કરેલું હોવું જોઈએ. પુખ્ત વયની વ્યક્તિ વર્તનસમસ્યાનાં મૂળ તો શૈશવમાં જ રહેલાં હોય છે ને? એમણે શિશુનું શિશુની નજરે અને પોતાની પુખ્ત નજરે અવલોકન કર્યું, સિદ્ધાંતો તારવ્યા અને વ્યવહારમાં વિનિયોગ કર્યો. ગૃહપતિ અને શિક્ષક તરીકેની તેમની સફળતાના મૂળમાં તેમનો શિશુપ્રેમ રહ્યો છે. તેમને બાળકોને જીતવાની કળા સિદ્ધ હતી. એમ કહેવા લાલચ થઈ આવે છે કે ભાવિ શિક્ષકોને કોઇ ચોક્કસ વય-જૂથના વિકાસાત્મક મનોવિજ્ઞાનનો નહીં પરંતુ શૈશવ સહિતના અખંડ વિકાસનો ખ્યાલ આપવો જોઈએ.

શિશુપ્રેમે તો મૂળશંકરભાઇને કેટલાય પરિવારોમાં પ્રવેશ અપાવ્યો હતો; એમણે શિશુ સંદર્ભે ઊંડું ચિંતન કર્યું અને પરિભાષા પ્રયોજ્યા વિના પોતાના આચરણ અને અનુભવથી બળૂકી બનેલી પોતાની ભાષામાં એ વ્યક્ત કર્યું. બાળકોની વર્તનસમસ્યાનાં મૂળ માવતરમાં હોવાનું એમણે શોધી કાઢ્યું. એમના મતે બાળક જગતમાં પ્રવેશ કરતાં પહેલાં સેવાવું જોઈએ; તેને સમાજમાં જવા તૈયાર કરવું જોઈએ; તેને ઘરમાં વિકાસાત્મક પ્રવૃત્તિઓ આપવી જોઈએ; બાળમંદિર એ ઘરની અવેજી સંસ્થા નથી જ નથી.

બાળકોનાં તોફાનોમાં મૂળશંકરભાઇને વિકૃતિ દેખાઇ નથી; એમાં તો એમણે બાળક દ્વારા પોતાની ધરી પર ફરવાનો પ્રયાસ માત્ર જોયો છે, નૂતન શક્તિનું પ્રાક્ટ્ય જોયું છે અને સલાહ આપી છે કે ગંભીર જોખમ વખતે જ તોફાની બાળકોને ડિસ્ટર્બ કરવા! આ સંદર્ભે એમણે માવતરોને સૂચવ્યું છે કે બાળકને આપેલ વચન પાળવું જોઈએ, વર્તન એકધારું રાખવું જોઈએ, બાળકો પાછળ થોડોઘણો વખત આપવો જોઈએ.

મૂળશંકરભાઇના બાળપ્રેમનું ક્રિયાશીલ

પાસું છે વાર્તાકથન અને લેખન. અખંડત્વની ખૂબી જ છે કે એ ભૌમિતિક ચોકઠામાં સંકડાશ અનુભવે ને જરૂરત મુજબ વળાંક-વળોટ લે. વાર્તાલેખન ઉપરાંત કથન અંગે પણ તેઓ ઊંડાણથી વિચારવા પ્રેરાયા હતા. વાર્તાઓ દ્વારા બાળકનો જગતમાં પ્રવેશ થતો હોઇ માવતરોને વાર્તા કહેવાની કળા જાણવા-વિકસાવવા એમણે સૂચવ્યું. તેઓ પોતે વાર્તાકથન દ્વારા એવું નગર ઊભું કરી શકતા કે કોઇ પણ વયના શ્રોતા અનાયાસ તેના નાગરિક બની જતા.

એમની અખિલાઇમાં સાહિત્યિક સેવા સહજ રીતે સમાવિષ્ટ થવા પામી. કુમારો અને પ્રૌઢો માટે એમણે વિશ્વસાહિત્યમાંથી ઉત્તમ કૃતિઓ ચૂંટીને તેના રસાળ રૂપાંતરો-અનુવાદો આપ્યા. બાળકોને તે વાર્તાના ધોધમાં ધુબકા ખવરાવ્યા. ગુજરાતમાં જૂલે વર્નને જાણીતા કર્યા. સર્જાતા બાળસાહિત્યની કડક છતાં સમભાવપૂર્વક સમીક્ષાઓ પણ વરસો સુધી કરી અને કુમારોની મહત્વાકાંક્ષાઓને વેગ અને રચનાત્મક ઘાટ આપે તેવું સાહિત્ય-સર્જન કરવાને અપીલ પણ કરી. એમણે નવલકારો માટે પણ લખ્યું.

મૂળશંકરભાઇના અખંડત્વે એમને બાળવાર્તાકાર તરીકે સ્થાપિત થઇને સ્થિર રહેવા દીધા નથી. કુમારોનું જવાબદાર નાગરિક તરીકેનું ઘડતર કરવાનું પણ એમને હાથે અને હૈયે-સરકી આવ્યું - ગૃહપતિને નાતે.

‘તમે આમાં શું કામ પડ્યા? સંગીત ગાઓ, આમાં તમારું કામ નહીં.’ - વીસ વરસના મૂળશંકરભાઇએ પીઢ છાત્રોનો આ પડકાર ઝીલી લીધો. એમણે ગૃહપતિ તરીકે નહીં પરંતુ છાત્રપિતા તરીકે પિસ્તાળીસ વર્ષ લગી છાત્રો પર છાયા પથારી જેની અસર તો આજીવન રહી છે. આ ફરજ બજાવતાં તેઓ સોળે કળાએ ખીલ્યા. એમણે છાત્રાલયને કેળવણીના જીવંત, અખંડ અને અજોડ માધ્યમ તરીકેની પ્રતિષ્ઠા અપાવી અને અધ્યાપન મંદિરોના એક અનિવાર્ય અંગ તરીકે ગણાવ્યું.

ગૃહપતિ તરીકેની તેમની નજર, નિષ્ઠા અને નિર્ણયાત્મકતાએ છાત્રાલય-સંચાલનનું શાસ્ત્ર સર્જી આપ્યું. છાત્રાલયોમાં થતી ચોરી અને વિકસી બેસતા કામપ્રેરિત સંબંધો અંગેની તેમની ચર્ચા સદા માર્ગદર્શક નીવડે તેવી છે. ગૃહપતિ તરીકેની ફરજ બજાવતાં બજાવતાં તેમની અખંડ પ્રતિભા આરોગ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને પાકશાસ્ત્રના ક્ષેત્રમાં ફરી વળી.

મૂળશંકરભાઇની મનોવિજ્ઞાનના મુલકમાંની મુસાફરી સફળ રહી. ગૃહપતિના નાતે તરુણનાં વર્તનને સમજવું જરૂરી બનવા લાગ્યું. એમના માનસનું પૃથક્કરણ કરવાનું ગમતું પણ પછી એ પ્રક્રિયા ભ્રામક પણ લાગી. મનોવિજ્ઞાનના અભ્યાસે એમને પોતાને સ્વસુધારણા તરફ વાળ્યા. એમની વિવેકશક્તિએ એમને ફ્રૉઇડની અસરથી મુક્ત રાખ્યા. તેની

અધૂરપ અને આછકલાઇ તેઓ પારખી શક્યા.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં સૂચિત આત્મતત્ત્વની સંકલ્પનાનું મૂલ્ય એમણે પિછાણ્યું, ચિત્ત દ્વારા ચિત્રની ખોજ કરવા જતાં માનસિક સ્વાસ્થ્યના ધ્યેયની ઝાંખી થઈ; અને તે માટેનો માર્ગ ખોજ્યો ગીતાના, બીજા અધ્યાયના સ્થિતપ્રજ્ઞના શ્લોકોમાં. એમને મન તે 'નોર્મલ' ચિત્તનાં લક્ષણો હતાં. આમ એમણે ભારતીય સંદર્ભે મનોવિજ્ઞાનનો સ્વાધ્યાય કર્યો.

મનોવિજ્ઞાનના ખંડમાં પુરાઇ રહે તો મૂળશંકરભાઈ અખંડ શાના? મન અને તનની તંદુરસ્તી તો પરસ્પર અવલંબિત છે. આથી એમણે આરોગ્યશાસ્ત્ર પણ વાંચ્યું અને વિચાર્યું અને વ્યવહારમાં પ્રયોજ્યું. છાત્રો માટે એમનું વાત્સલ્ય પણ એમની માંદગી વખતે સારવાર કરવા ખેંચતું. એમની સહાનુભૂતિપૂર્વકની સારવારની પ્રબળ અસર થતી. કદાચ કોઇ અન્ય દાક્તર કે વૈદ્યને તેડાવેલ હોય તો પણ એમની હાજરી વિના દર્દી-છાત્રને અધૂરપ લાગતી. માથે એમનો હાથ ફરે ત્યાં તો અડધી બીમારી ઓછી થયાનું અનુભવાય.

એમની વૈદકીય સારવાર પણ ખંડિત નહીં! આયુર્વેદ ઉપરાંત નેચરોપથી, હોમિયોપથી અને બાયોકેમિક દવાઓનો પણ તેઓ ઉપયોગ કરતા. અધ્યયન, અવલોકન અને અનુભવે એમને વૈદ્ય તરીકેની પ્રતિષ્ઠા અપાવી હતી.

જીવનસંબંધી વિવિધ ખંડોમાં ક્યારેક ક્રમશઃ તો ક્યારેક સમાંતર રાહે વિકસતા-વિહરતા-વિરાજતા મૂળશંકરભાઇનો જીવ મૂળે તો શિક્ષકનો. એમણે પોતાને કેળવણીકાર તરીકે નહીં, શિક્ષક તરીકે ઓળખાવવાનું પસંદ કર્યું અને શિક્ષક હોવામાં જ હંમેશાં ગૌરવ માન્યું.

મૂળશંકરભાઈએ જાગૃતિપૂર્વક પોતાનું શિક્ષક તરીકેનું ઘડતર કર્યું. શિક્ષકત્વની સંપ્રાપ્તિ માટે એમણે પોતાનું સઘળું સામર્થ્ય સમર્પી દીધું હતું. એક શિક્ષક તરીકે એમણે કેટલીક નિષ્ઠાઓ દઢ કરી હતી અને તેના વડે પોતાના અંતઃકરણને સતત પોષ્યું હતું. આ નિષ્ઠાઓ હતી : માનવનિષ્ઠા, સમાજનિષ્ઠા અને પ્રેમનિષ્ઠા.

આ અખંડ શિક્ષક વિદ્યાર્થીઓના સહાયતત્પર મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ બની રહ્યા હતા; એમની વત્સલ સહાય અભ્યાસકાળ પછી પણ વિદ્યાર્થીને મળતી રહી. આમ છતાં તે ગરવાઈથી કહેતા : 'વિદ્યાર્થીમિત્રો પાસેથી મને જે કંઈ મળ્યું છે, તે તો મારું ગુપ્ત ધન છે.'

મૂળશંકરભાઇ શિક્ષણના કળાકાર હતા. એમણે ટપાલીની માફક જાણકારીના ટુકડા વિદ્યાર્થીના ચિત્તમાં ફેંક્યા નથી પરંતુ સંવેદના અને સમીક્ષા સાથે સંસ્કૃતિનું તેમનામાં સંક્રમણ કર્યું છે. વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવા તરફ તેમનો ઝોક હતો.

તેઓ વિદ્યાર્થીઓના હૃદયમાં અનાયાસ મૈત્રીનો માળો રચી શકતા. એમની પાસે હૈયું ઠાલવી શકાતું. તેઓ હસતાં અને હસતા ઓછું

બોલીનેય આત્મીયતાનો અનુભવ કરાવતા. એમણે વિદ્યાર્થીઓના હૃદય સામે સંધાન થવામાં પોતાનો આત્મવિકાસ જોયો.

શિક્ષક-વિદ્યાર્થી સંબંધ અંગેનું ચિંતન એમની અનુભવ-મૂડીમાંથી વ્યાજરૂપે વ્યક્ત થયું છે. તે સદા પ્રેરક છે. એમના મતે શિક્ષકનું કામ પ્રેમના માધ્યમ દ્વારા વિદ્યાર્થીમાં વિવેક જગાવવાનું છે. આ માટે વિદ્યાર્થીઓને વસ્તુલક્ષી નિર્ણય કરવાની તાલીમ આપવી જોઈએ. મૂળશંકરભાઇના વહાલમાં પણ વિવેક જળવાતો. છાત્રોમાં આપસમાં ત્રાસ, પીડા કે અશિષ્ટ વ્યવહારોના પ્રસંગે ગંભીરતાથી વિચારીને સંબંધિત છાત્રને રવાના કરી દેવાના વસ્તુલક્ષી નિર્ણયો પણ એમણે લીધા હતા.

મૂળશંકરભાઇના મતે શિક્ષક થવા ઇચ્છનારને શૈક્ષણિક વ્યવસાયમાં 'મૌલિક' રસ હોવો જોઈએ. તેનામાં જિજ્ઞાસા, મિલનસારપણું, મનોશારીરિક સ્ફૂર્તિ, વિદ્યાર્થીના જીવનમાં રસ અને કહેવું હોય તે રસમય ઢબે રજૂ કરવાની આવડત હોવી જરૂરી છે. આ બધું કેળવી શકાય છે તેમ તેઓ કહેતા.

નવશિક્ષકો સમક્ષ એમની શિક્ષણ સંબંધી રજૂઆતો કેવળ સૈદ્ધાંતિક નહોતી; એમના અનુભવની નીપજ હતી અને તેથી એમણે શિક્ષણના ક્ષેત્રમાં અનાયાસ મૌલિક પ્રદાન કર્યું. આ રીતે મૌલિક પ્રદાન કરનારને જ કેળવણીકાર કહી શકાય. કેળવણીકાર તરીકે ઓળખાવવાની એમની અનિચ્છા છતાં એમની પ્રતિભા તો કેળવણીકાર તરીકેની સર્વસ્વીકાર્ય જ રહી છે. આમ એમની પ્રતિભા શિક્ષક તરીકેના ખંડમાંથી રેલાઈને કેળવણીના અખંડત્વમાં વ્યાપી રહી.

મૂળશંકરભાઇએ કેળવણીના ક્ષેત્રે મૂલ્યો, સંસ્કૃતિ, લોકશાહી અને પરીક્ષા જેવી અનેક બાબતે ચિંતન કર્યું છે. પોતાની રજૂઆતમાં કેટલીકવાર તો ગાંધીજીના કેળવણીવિષયક વિચારોના ભાષ્યકાર બન્યા છે અને તેની સાંપ્રત સમયમાં સંગતતા સિદ્ધ કરી આપી છે.

કેળવણીમાં મૂલ્યો અંગેનું એમનું વૈચારિક પ્રદાન એક હોકાયંત્રની ગરજ સારે છે. વિદ્યાર્થીના ચિત્તમાં માનવજીવનનાં મૂલ્યોને સ્થિર કરવાનું કામ એમણે મૂળભૂત માન્યું છે. માનવીય મૂલ્યો સાથે જોડાયા વિનાની કેળવણીને મૂળશંકરભાઇએ રણમાં સમાઇ જતી નદી જેવી માની છે. માનવીય મૂલ્યોમાં સત્ય અને પ્રેમને વિશેષ મહત્ત્વનાં ગણાવીને ભગવદ્‌ગીતામાં દર્શાવાયેલા દૈવી સંપત્તિનો નિર્દેશ કર્યો છે. કેળવણીના સંદર્ભે પ્રાર્થના, પરિશ્રમ અને સમૂહજીવનમાં એમણે મૂલ્યોની કેળવણી જોઈ છે.

મૂળશંકરભાઇએ શિક્ષણને સંસ્કૃતિનું સંરક્ષક માન્યું છે. સંસ્કૃતિની પ્રવર્તમાન કટોકટીમાંથી ઊગરવા માટે ભૌતિક સમૃદ્ધિ અને આંતરસમૃદ્ધિ વચ્ચે સમતુલાની જરૂરિયાત એમણે જોઇ છે. આથી વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેનો સુમેળ કરવાનું કળા-કૌશલ વિદ્યાર્થીઓમાં વિકસે તેવા અધ્યયન-અનુભવો અપાવા જોઈએ એમ તેમણે માન્યું છે.

શિક્ષણના અંતે વિદ્યાર્થી અભિપ્રાય બાંધતો થઇ શકવો જોઈએ. આ બાબત પર ભાર મૂકીને મૂળશંકરભાઇએ શિક્ષણપ્રક્રિયાનાં ત્રણ સોપાનો સૂચવ્યાં છે : નિરીક્ષણ, ચિંતન અને અર્થશોધન.

વિદ્યાર્થીઓમાંની ગેરશિસ્ત દૂર કરવા માટે એમણે પૂરતી રચનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવા પર ભાર મૂક્યો છે. ગેરશિસ્તના મૂળમાં પરીક્ષાકેન્દ્રી ભણતરનો ઉપક્રમ પણ એમણે ભાખ્યો છે. પરીક્ષાપદ્ધતિમાં ધરમૂળ ફેરફાર ઇચ્છતા મૂળશંકરભાઇએ પરીક્ષા વખતે પુસ્તકો સાથે રાખીને ઉત્તરો લખવાની છૂટ આપતા ઓપન બુક એક્ઝામના સફળ પ્રયોગો પણ કર્યા હતા. અરસપરસના પ્રેમને પ્રતાપે પરીક્ષામાં પૂરી પ્રમાણિકતા જળવાઇ-સચવાઈ રહી હતી.

મૂળશંકરભાઇના મતે કેળવણીનું કાર્ય ચિત્તને દૂષિત કરનાર તત્ત્વો પર કાબૂ મેળવવા માટે જરૂરી સંકલ્પો અને અભિગમો કેળવવાનું છે. એમની આ રજૂઆત સૂચવે છે કે તેમની અખંડ પ્રતિભા કેળવણીના વિશાળ ખંડમાં પણ પુરાઇ ન રહેતાં પરમ સાથે એકતાર થવા આતુર રહી હતી. એમણે અનુભવ્યું હતું કે જગતમાં દેખાય છે તેટલું જગત નથી, ઇન્દ્રિયાતીત એવું જગત છે અને તેને પામવા મથવું એ જ ખરી જીવન-સાધના છે.

મૂળશંકરભાઇનો જીવન-અભિગમ વૈજ્ઞાનિક અને વ્યવહારુ પણ પ્રેમ-ભક્તિનો રસ એ ભાવપૂર્વક માણતા. પ્રાર્થના અને મૌનને એમણે દૈનિક જીવનમાં સ્થાન આપીને પોતાના આધ્યાત્મિક વલણને તેઓ ટકાવતા અને વિકસાવતા રહ્યા.

જીવનના અર્થની શોધ તો આગવી જ હોય. એમણે એ અનવરત કરી અને આ માટે તેઓ ચિંતન અને ચિત્તસાધનાની પ્રક્રિયામાંથી પસાર થયા. જન્મજાત વાસનામાં સ્વીકાર સાથે તેઓ ઊર્ધ્વ રૂપાંતરને જીવનસાધનાનો એક અગત્યનો ભાગ ગણ્યો.

સંગીતસાધના, શિશુપ્રેમ, સાહિત્ય વાચન-લેખન, છાત્રપિતૃત્વ, વૈદક, મનની મરામત, શિક્ષણ અને અધ્યાત્મ - આવાં વિવિધ ક્ષેત્રોમાં મૂળશંકરભાઇ અનાયાસ ક્રમશઃ કે એકસાથે સાહજિકતાથી પ્રવેશીને અધિકાર મેળવતા રહ્યા. આ હકીકત એમના વ્યક્તિત્વને અખંડ કહેવા માટે પૂરતી છે. જો એમનું મન રાખવા શિક્ષક કહેવા હોય તો તેમને અવતારી શિક્ષક કહેવા જોઈએ. અખંડ શિક્ષકની તો સદા ઓછપ જ રહેવાની એમનાં સત્ અને આપણાં વ્રત.

અખંડત્વનું આરાધન એમણે સતત કર્યું - તપ અને સ્વાધ્યાય દ્વારા. આના ફળસ્વરૂપે જ ગુજરાતને અખંડ શિક્ષકની જે આકૃતિ મળી તે હવે ઊંચેરા આસમાનમાં ઓતરાદે સદા સ્થિર રહીને ધૂણતા-ધૂધવતા સમાજમાં હાલક-ડોલક થતી કેળવણીની કિશ્તી અસીમ સહાનુભૂતિપૂર્વક જુએ છે, જોમ આપે છે અને ઝઝૂવા પ્રેરે છે. જરૂર છે આસ્થાપૂર્વકના વીજરેખા જેવા મક્કમ સંકલ્પની. મૂળશંકરભાઈ ભટ્ટ નામના અખંડ શિક્ષકનું તર્પણ તો તપ અને સ્વાધ્યાયના સંકલ્પ વડે જ કરાય!

# બાળક તરફની આપણી દૃષ્ટિ

- હરભાઈ ત્રિવેદી

બાળક તરફની જૂની દૃષ્ટિ એમ માને છે કે બાળક સર્વ રીતે કોરી પાટી જેવું પ્રાણી છે. એ પાટી ઉપર જેવા અક્ષરો લખીએ તેવો તેનો ઉઠાવ થાય. આ હકીકત બિલકુલ ખોટી છે. બાળક પોતાની સાથે અનેક વૃત્તિઓ લઈને જન્મતું હોય છે. જન્મ્યા પછી પરિસ્થિતિ, વાતાવરણ અને સોબત એના ચિત્ત ઉપર વિવિધ પ્રકારના સંસ્કારો પાડતા હોય છે. આવા બાળકને અને એના ચિત્તને કોરી પાટી ગણી શકાય નહીં. આ નાનોશો સિદ્ધાંત સ્વીકારીએ એટલે બાળક તરફના આપણા વ્યવહારમાં તદ્દન ફેરફાર થઈ જવાનો. મા-બાપ અને શિક્ષક નવા-નવા પાઠ ભણાવવાનો આગ્રહ રાખતા હોય છે. તેવા પાઠો ભણાવતી વખતે આ દૃષ્ટિ સમક્ષ રાખે નહીં તો મા-બાપ અને શિક્ષક બંનેની મહેનત ફોગટ જાય છે અને ઘણી વખત તો અવળાં પરિણામો દેખાય છે. ખરી રીતે કહીએ તો બાળક પોતાની રીતે પોતાના વિકાસપંથે ચાલી રહ્યું છે. એ વિકાસપંથનાં સીમાચિહ્નો સમજી લઈને વડીલોએ બાળકને મદદ કરવાની રહે છે. આવી મદદ કરવાને બદલે બાળકના વિકાસ માટેની ભૂમિકા અને પછી એ વિકાસપંથનાં પગથિયાં બાળક માટે વડીલો નક્કી કરે તો એ ગંભીર ભૂલ ગણાય. અને આવી ભૂલ આજે આપણે સૌ કરી રહ્યાં છીએ. એક સામાન્ય દૃષ્ટાંત લઈએ.

એક નાનું બાળક પોતાની ઈચ્છા પ્રમાણે માટીનું કંઈ સર્જન કરી રહ્યું હોય અને એવા સર્જનની ભાંગતોડ મારફત પોતાની શક્તિઓ કેળવી રહ્યું હોય ત્યારે મા-બાપ કે શિક્ષક બાળકની મનીષાને જાણવાનો દાવો કરીને વચ્ચે દખલ કરે તો તેમાં બાળકનો વિકાસ અટકી પડતો હોય છે. આવે વખતે વડીલોએ કેવળ દૃષ્ટા તરીકે રહેવું ઘટે છે. બાળકને જ્યારે પણ પોતાની કોઈ પણ ક્રિયામાં અન્યની મદદની જરૂર પડે છે ત્યારે બાળક વિનાસંકોચે એવી મદદ માંગી લેતું હોય છે. વણમાગી મદદ એને કશા કામની નથી. આ એક મહત્ત્વનું દૃષ્ટિપરિવર્તન છે અને તેનો વ્યવહાર પણ તેટલો જ અગત્યનો છે.

બાળક તરફની જૂની દૃષ્ટિ એમ માને છે કે બાળકને પોતાને એનો સ્વતંત્ર મત હોતો નથી. આ માન્યતાના પરિણામે બાળકના અભિપ્રાયોનું ઘડતર કરવા સારુ વડીલો વારે-વારે પોતાના અભિપ્રાયો બાળક પાસે રજૂ કરતા હોય છે અને તેના સ્વીકારનો આગ્રહ કરતા હોય છે. આજે તો એવી સ્થિતિ પણ જોવા મળે છે કે જ્યાં જીવનના દરેક ક્ષેત્રમાં મોટેરાંઓ પોતાના જ મતનો આગ્રહ સેવતા હોય. પોતાનો મત પ્રગટ કરવો અને એના

સત્યાસત્ય માટે સમાજ પાસે ધરી દેવો એ એક હકીકત છે, જ્યારે પોતાનો જ મત સાચો છે અને બીજાઓએ તેનો સ્વીકાર કરવો જ જોઈએ તેવો આગ્રહ રાખવો તે બીજી વાત છે. આજે આવા મતભેદો ચારેકોર જોવા મળે છે.

જ્યારે બાળક ઉપર મોટેરાંઓ પોતાના મતાગ્રહો લાદે છે ત્યારે તેનું ઝેર વધારે કાતિલ બને છે. કેળવણીની દુનિયામાં આજે આવા મતાગ્રહોનું ઝેર ઘણા મોટા પ્રમાણમાં ફેલાયેલું પડ્યું છે.

મોટી ઉંમરનો માણસ પોતાના ખાટામીઠા અનુભવોમાંથી પોતાનો મત બાંધતો હોય છે. દરેક વ્યક્તિને એમ જુદા-જુદા અનુભવોમાંથી પસાર થવા દેવી જોઈએ. એ એનો અધિકાર છે. એની પાસેથી એનો એ અધિકાર છીનવી લેવામાં આવે તો જીવનમાં સ્વતંત્ર અને મૌલિક મત બાંધવાની શક્તિ ગુમાવી બેસે. એના ઉપર બીજા કોઈ પોતાના મતનો સ્વીકાર કરવાનો આગ્રહ સેવે તો એવા મતાગ્રહમાંથી એનું મન કલુષિત બનતું રહે. પોતાનો સ્વતંત્ર મત ઘડવાની શક્તિ ગુમાવી બેઠેલા અને બીજાના મતથી પ્રેરાઈને અનિષ્ટ માર્ગે ચાલનારા માણસોની સંખ્યા સમાજમાં આજે વધતી ચાલી છે. આ પરિસ્થિતિએ અનેક પ્રકારનાં મતમતાંતરો સર્જ્યા છે અને સમાજમાં વૈમનસ્ય પેદા કર્યું છે. મતમતાંતરોની આ જંજાળમાંથી છૂટવા જેટલા પ્રયત્નો કરવામાં આવે છે તે મોટે ભાગે નિષ્ફળ થતા દેખાય છે અને એમ જ બને. એક વખત મતાગ્રહનું ઝેર ચિત્તમાં ફેલાઈ જાય પછી માણસના વ્યવહારો મુક્ત રહી શકતા નથી. પરિણામે સ્વતંત્ર મતો નાશ પામવા લાગ્યા છે અને મતાગ્રહનું ઝેર વધવા લાગ્યું છે. આ પરિસ્થિતિ ટાળવી હોય તો માનવીના બાળપણની કેળવણી તરફ નજર નાંખવી પડશે.

બાળક સ્વાનુભવ લેતું-લેતું પોતાના માર્ગે આગળ વધતું હોય છે. એવા અનુભવોમાંથી પોતે પરિસ્થિતિ પ્રમાણે પોતાનો મત નિર્માણ કરતું હોય છે. પરિસ્થિતિ અને સંયોગો બદલાય તથા પોતાની શક્તિઓ વધે અને સમજણ વધે તે પ્રમાણે પોતાના મતોમાં પરિવર્તન પણ કર્યા કરતું હોય છે. આવો ક્રમ સ્વાભાવિક વિકાસપોષક છે. જોકે શિક્ષક કે મા-બાપ સ્વાભાવિક વિકાસક્રમને માર્ગે ચાલી રહેલા બાળકના માર્ગમાં અડચણ ઊભી કરે તો એવો ક્રમ અટકી જાય અને મત બાંધવાની બાળકની મૌલિક ક્રિયા બંધ પડે. આટલા માટે જ નવી કેળવણીમાં સ્વાનુભવને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. જે કેળવણીના વ્યવહારમાં સ્વાનુભવને વધારે અવકાશ આપવામાં આવતો હોય તે કેળવણીને આપણે મતાગ્રહથી દૂર રહેલી કહી શકીએ. આપણે એ સ્વીકારવું જ જોઈએ કે આજના શિક્ષણક્રમમાં સ્વાનુભવને બહુ ઓછો અવકાશ છે. કેળવણીનું આ નવીન સત્ય આપણે સ્વીકારીએ એટલે આજની પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર થઈ જવાનો. જૂની શિક્ષણ-પ્રણાલીમાં શિક્ષણનું મંડાણ શિક્ષકના અભિપ્રાય ઉપર અવલંબતું હોય છે. નવી શિક્ષણ-પ્રણાલી બાળકના અનુભવને મહત્ત્વ આપે છે અને તેથી બાળકના અભિપ્રાયોનું

ગૌરવ વધે છે. આવી રીત હોય ત્યાં જ શિક્ષક-વિદ્યાર્થીનો સહકાર વધે અને એવા સહકાર દ્વારા બાળકની મૌલિકતા પણ પાંગરે. આજે આપણા સમાજમાંથી મૌલિકતા ઓછી થઈ છે અને સંશોધનવૃત્તિ મૃતઃપ્રાય થઈ છે. તે સ્થિતિ ટાળવી હોય તો વડીલોએ પોતાનો આગ્રહ છોડવો પડશે અને બાળકને સ્વતંત્ર રીતે અનુભવ લેવા મુક્ત રાખવું પડશે.

નાનું બાળક જે કંઈ ક્રિયાઓ કરે છે તેવી ક્રિયાઓ પાછળ બાળક સમજે કે ન સમજે તોપણ કોઈ પણ પ્રકારનો હેતુ રહેલો હોય છે. એવા હેતુથી પ્રેરાયેલું બાળક જ્યાં સુધી એવો હેતુ સિદ્ધ થાય નહીં ત્યાં સુધી પોતાની ક્રિયામાં વેગ લાવ્યા કરે છે. ઘણી વખત એવું બનતું હોય છે કે બાળકની એવી ક્રિયાઓ પાછળનો હેતુ વડીલો સમજે નહીં; એટલું જ નહીં પણ સમજવાનો પ્રયત્ન પણ કરે નહીં. આવું બને છે ત્યારે બાળકની તેવી ક્રિયાઓ વડીલોને હેતુ વિનાની દેખાય છે. હેતુ વિનાની ક્રિયાઓમાં વડીલોને રસ પેદા થતો નથી અને તેથી બાળકના વ્યવહારો તરફ એ બેદરકાર બને છે.

ઘણી વખત એવું પણ બને છે કે વડીલ પોતે પણ બાળકની ક્રિયાઓ માટે જે હેતુ કલ્પે તેવા હેતુનું ક્રિયાશીલ બાળક ઉપર આરોપણ કરે છે. એવા હેત્વારોપણમાંથી બાળક તરફ અન્યાય જન્મતો હોય છે. અન્યાયના પ્રતિકાર તરીકે ઘરમાં બાળકોને તોફાન કરતું અને તોડફોડ કરતું આપણે જોઈએ છીએ. તેવી જ રીતે શાળામાં વિદ્યાર્થીને અડપલાં કરતો, નવી-નવી અડચણો ઊભી કરતો અને નાનામોટા પ્રશ્નોની મૂંઝવણો પેદા કરતો જોઈએ છીએ. ઘરમાં બાળક મા-બાપને મૂંઝવે છે અને શાળામાં શિક્ષકને મૂંઝવે છે. આવી મૂંઝવણોનો સાચો ઉકેલ શોધવાને બદલે મા-બાપો અને શિક્ષકો એક પછી એક આરોપોની હારમાળાઓ મનમાં ઊભી કરે છે અને એને બાળકના ગળામાં પહેરાવે છે. અનેક પ્રકારના સાચાખોટા ઈરાદાઓનું આરોપણ બાળકના મનમાં અસ્વસ્થતા પેદા કરે છે.

બાળક તરફની આ દૃષ્ટિ પણ ફેરફાર માગે છે. નાનામોટા બાળકની દરેકેદરેક ક્રિયા હેતુસર ચાલતી હોય છે એ સત્ય સ્વીકારીએ અને એવા હેતુઓને શાસ્ત્રીય દૃષ્ટિએ સમજવાનો પ્રયત્ન કરીએ તો તેને આપણે નવી કેળવણીનો પ્રયોગ કરી શકીએ; પરંતુ તેમ કરવાને બદલે ઉતાવળથી આપણે જ હેતુઓ ઉપજાવી કાઢીએ અને પછી વાતવાતમાં બાળક વ્યવહારો ઉપર તેનું આરોપણ કર્યા કરીએ તો તેને અશાસ્ત્રીય પદ્ધતિ કહી શકાય. વાતવાતમાં બાળકના નાનામોટા વ્યવહારો સંબંધે ઠીક પડે તેવા ઈરાદાઓનું આરોપણ કર્યા કરીએ તો બાળકની સમજણશક્તિ કુંઠિત થાય અને જતે દિવસે હેતુની સ્પષ્ટતા વિનાનું ગમે તેવા આડેઅવળે માર્ગે ચાલી રહેલું જીવન જીવવા માંડે. આવી પરિસ્થિતિ આજે દેખાય છે અને તે ફેરફાર માગે છે. એવા ફેરફાર માટે વડીલોએ ઈરાદાઓનાં આરોપણ પૂરવાની આદત છોડવી પડશે અને બાળકના પ્રમાણિક હેતુઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઈશે.

# સાંપ્રત સમસ્યાનો ઉકેલ

- અરૂણભાઈ દવે

ઘણા વર્ષો પહેલાં બજારમાં બનાવટી ફૂલો વેચાવા આવ્યા ત્યારે સૌએ રોમાંચ સાથે સ્તબ્ધતા અનુભવેલી અને પછી તો તેના પર કટાક્ષના કાવ્યો અને લેખો છપાવા લાગેલા. લગભગ કોઈને આ બનાવટી ફૂલોમાંથી સુગંધ કે સૌંદર્યનો દિલથી અનુભવ થતો નહોતો છતાં તેનો ધીમે ધીમે વ્યાપ વધતો ચાલ્યો. આજે તો હવે ખાદ્ય અને અખાદ્ય તેવી તમામ વસ્તુઓમાં ભેળસેળ સામાન્ય ઘટના બની છે. છેલ્લે છેલ્લે તો હવે ક્લેક્ટર કક્ષાના બનાવટી માણસો સુધી આપણો ભવ્ય વિકાસ પહોંચ્યો છે. ખરા અર્થમાં વિનોબાજી સાચા ઠર્યા છે. કારણ કે તમામ ક્ષેત્રે હવે ભ્રષ્ટાચારે શિષ્ટાચારનું સ્થાન લીધું છે. ભ્રષ્ટાચારના પ્રકારો, વહેવારો અને આવડત આજે સામાન્ય માણસથી લઈને મોટા મોટા કોર્પોરેટ જગતમાં પણ એવી ગોઠવાઈ ગઈ છે કે કોઈને ખબર પણ નથી પડતી અને જો ખબર પડે તો કોઈને તે ખૂંચતી પણ નથી.

એકડા પછી કેટલા મીંડા આવે તેની ખબર નથી પડતી તેટલા આંકડાઓના થતાં કૌભાંડો અને તમામ જાહેર સેવાકીય ક્ષેત્રની ઑફિસોમાં નિર્ભયતાથી કામ કરતાં નકલી અધિકારીઓ સંદર્ભે સમાજ અને તંત્ર ટી.વી. ફિલ્મની એક સીરીયલની જેમ તેને 'સાક્ષીભાવે' જાણે માણી રહ્યો છે. પારદર્શી વહીવટ, સંવેદના, સેવા, કરુણા, સર્વોદય... બધું આ કહેવાતા વિકાસના ઘોડાપૂરમાં તણાઈ રહ્યું છે.

આજે દેશની ઉચ્ચ કક્ષાની કહેવાતી ડિગ્રીઓ લઈને મોંઘું શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓમાંથી ૪૦ ટકા અને સામાન્ય ડિગ્રીઓ ધરાવતા શિક્ષિતોમાંથી ૭૦ ટકા પોતાની આજીવિકા માટે વલખાં મારી રહ્યા છે. વળી, એક તટસ્થ સર્વે એવો પણ થયો છે કે જે જે વિદ્યાર્થીઓ પાસે જે તે ક્ષેત્રની ડિગ્રી છે તેમાંથી ૮૫ ટકા પાસે તેની આવડતનો અભાવ છે! તેમની પાસે ડિગ્રી છે પણ કૌશલ નથી. આજે સ્કીલ અને સંસ્કાર એમ બંનેનો ભયંકર દુષ્કાળ જણાય છે. સંસ્કાર વગરની સ્કીલ એ હેન્ડલ વગરના હથિયાર બરાબર છે. સંસ્કારના અભાવે આજે વિશ્વમાં યુદ્ધો વધી રહ્યા છે. ખ્યાતિ પ્રાપ્ત ખ્યાતિ પણ રૂંવાડા બેઠા કરે તેવો અમાનવીય વ્યવહાર કરે છે ત્યારે કોને રોવા બેસવું? વિશ્વાસ અને વિવેકના અભાવે માણસ રાક્ષસીકૃત્ય કરી રહ્યો છે. પાછું અત્યારની અદ્યતન ટેક્નોલૉજીનો ઉપયોગ આવા પાપીઓ છૂટથી કરીને તેનો પ્રભાવ વધારી રહ્યા છે ત્યારે હવે તેનો ઉકેલ શું? આ તમામ મૂંઝવણોનો

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# એટિકેટ

- ડંકેશ ઓઝા

એક યુવાન અધિકારી મિત્ર પોતાના લેખક-પિતાનું પુસ્તક ગુજરાતી ભાષાના મોટા વિવેચકને પિતાની આજ્ઞા મુજબ પહોંચાડવા ગયા હતા. સ્વાભાવિકપણે જ આગતા-સ્વાગતા દરમિયાન ચા-પાણી લેતી વખતે મિત્ર-મહેમાન ચાના કપમાં રોજની ટેવ મુજબ બિસ્કિટ બોળીને ખાઈ રહ્યા હતા! બીજું કોઈ પણ આ જોઈને ટકોર કરે એવી ટકોર પેલા વડીલ વિવેચકે પણ કરી. ઔપચારિક મિલનમાં, જાહેરમાં 'ચાના કપમાં બિસ્કિટ બોળીને ખાવું એ ખરાબ આદત (એટીકેટ) મનાય છે, આ ટાળવું જોઈએ.'

બંને સંસ્કારી અને સૌજન્યશીલ હતા તેથી એ વાત આગળ ન વધી. આવી ટેવ આપણે ત્યાં ઘણા બધાને હોય છે. એની ટીકા પણ ઘણા બધા કરતા રહેતા હોય છે. તેથી જ એક શાયરે આવા વ્યવહાર બાબતે એક મજાનો શેર પણ લખ્યો છે.

દાળમાં બિસ્કિટ બોળીને ખાય છે

તેમાં તારા બાપનું શું જાય છે?

શાયરનો અંદાજ અલગ છે. તમે જો સંવાદરૂપે આ કહેવા જાવ તો ચોક્કસ તે ઝઘડામાં પરિણમી શકે!

આમ કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ એ નક્કી કરવાનો અધિકાર કોને? એ પ્રશ્ન આમાંથી તરત ઊભો થયા વિના રહેતો નથી. સરકાર નીતિ-નિયમો બનાવે છે. એનું પાલન એ નાગરિકની ફરજ પણ બને છે. નિયમ-ભંગ બદલ સજાની જોગવાઈ પણ હોય છે. સરકારમાં જે શિષ્ટાચાર છે તેને પ્રોટોકોલ કહેવાય છે. રાષ્ટ્રીય ઉજવણી પ્રસંગે કેવો ગણવેશ ધારણ કરવો, વિદેશી મહેમાનની સરભરા કેમ કરવી, કોને કાર્યક્રમ વખતે પહેલા ક્રમે અને કોને પછીના ક્રમે બેસાડવા એની આખી પ્રોટોકોલ બુક હોય છે એને બ્લ્યૂ બુક તરીકે પણ ઓળખવામાં આવે છે.

સમાજની વાત જુદી છે. સમાજ વિજ્ઞાન ભલે કહેતું હોય કે સમાજ પણ એક સંસ્થા છે. પણ એની પાસે કોઈ તંત્ર નથી. અંગ્રેજ બંધારણની માફક સમાજના વ્યવહારના નિયમો પણ વણલખાયેલા છે. સમાજે સમાજે તે બદલાતા રહેતા પણ હોય છે. ક્યારેક કોઈ હિંમતવાળો હોય તો ધ્યાન દોરે અન્યથા એ બીજાના મોઢે તમારી વાત કરવાનો. પછી એ ભૂલની વાત ફરતી ફરતી તમારા સુધી આવે પણ ખરી અને ન પણ આવે! જો ન આવે અને તમારામાં ફેરફાર ન થાય તો તમારા વિશેની નકારાત્મક છાપ પ્રસરતી જ રહે, પ્રસરતી જ રહે.

એટીકેટ એટલે વ્યવહારના સૌજન્યના નિયમો. સરેરાશ ભણેલો-ગણેલો માણસ હોય તો એણે અમુક પ્રકારનું વર્તન કરવું જોઈએ એવા ખ્યાલો અને આગ્રહો. શરૂઆતના ઉદાહરણમાં આપણે જોયું તેમ ચા-બિસ્કિટ અલગ રીતે ખાવા-પીવાના, ચામાં બોળીને નહિ. ઘણા બધા લોકો જ્યારે અમુક પ્રકારનું સમાન વર્તન કરવા લાગે ત્યારે જુદા પડતા લોકો ટીકા વહોરવાના. આ અર્થમાં જ મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. એની ભાવનામાં સામૂહિકતા અથવા સામૂહિકપણું એ મહત્ત્વનું મનાયું છે. સમૂહમાં રહેવું હોય તો એને ત્યારે, સમૂહ કરે તેમ કરવાનું અને સમૂહ કહે તેમ કરવાનું.

સમય જતાં માણસ સભાન થઈ જાય, બધું જોતો અને પારખતો થઈ જાય અને એ પ્રમાણે કરતો પણ થઈ જાય. આમ દેખાદેખીનો ખ્યાલ ઊભો થઈ જાય છે. ઉત્સવો એનું એક દેખીતું ઉદાહરણ છે. આજે કોઈપણ પ્રસંગ હોય એની ઉજવણીમાં કેક કાપવી એ સામાજિક એટીકેટ બની ગયું છે. એ ત્યાં સુધી કે ભગવાનના જન્મદિવસે પણ કેક કપાવી શરૂ થઈ ગઈ છે! પછી કેવી મોટી કેક હતી અને કેવી શણગારેલી હતી એની ચર્ચાઓ ચાલતી રહે છે! અંગ્રેજી માધ્યમમાં બાળકોને ભણાવવાં એ સામાજિક એટીકેટ બની ગયું છે. એ માટે સારી સ્કૂલોમાં પ્રવેશ માટે ભલામણો અને વિકલ્પે ડોનેશનનો ચાલ ઊભો થઈ ગયો છે. મારી નાની દીકરીને મેં સેક્ટરની સરકારી પ્રાથમિક શાળામાં ૧૯૮૮ની આસપાસ મોકલવા માંડી તો પાડોશી કુટુંબોએ મને ફોલી જ ખાધેલો! એ વખતે મને આ સોશિયલ એટીકેટનું ભાન થયેલું.

એવી જ રીતે સારી સ્કૂલોમાં ભણતા બાળકોની વર્ષગાંઠ સારી રીતે ઉજવવાની એક એટીકેટ ઊભી થઈ ગઈ છે. પછી એમાં રિટર્ન ગિફ્ટ સુધીની એટીકેટ તમારે પાળે જ છૂટકો. કૂતરાં પાળવા અને એને લઈને ફરવા નીકળવું તેમજ હવે ઘરના બૈરાં રસોઈ ન કરે અને રસોઇ કરનારી બાઇ આવે એ પણ સોશિયલ એટીકેટ જ. કોઈને ત્યાં મળવા જાવ કે એકાદ ટંક જમવા જાવ. એટલે ખાવાની કોઈ ચીજવસ્તુ ભેટ તરીકે લઈને જ જાવ એવી એટીકેટ ઊભી થઈ ગઈ છે. આમાં ઘણું બધું આપણું પોતાનું નથી. કોઈકનું જોઈને ઉછીનું લીધેલું હોય છે.

આપણે ત્યાં અંગ્રેજો રાજ કરી ગયા. એટલે આપણે એમને અનુસરતા થઈ ગયા. ફોરેન ભાષાનો, ફોરેન ચીજવસ્તુઓ અને ફોરેન જવાનો સમગ્ર વ્યવહાર એમાંથી ઊભો થયાનું મને તો લાગે છે. મેં પણ અંગ્રેજી સ્પેશિયલ વિષય તરીકે રાખેલો. ભારતમાં જેને અંગ્રેજી આવડે એ તરી જાય છે એ ખ્યાલથી જ. સોએ નવ્વાણું જણને તે આવડતું નથી પરિણામે તમે ઝડપથી આગળ વધી જવાના. સમજવાનું એ છે અને તે વળી સોશિયલ એટીકેટની બહારનું છે. તે એ કે સારું અંગ્રેજી શીખવા માટે અંગ્રેજી માધ્યમમાં જવું જરૂરી હોતું નથી. આ સીધી સાદી વાત સોશિયલ એટીકેટ નીચે દબાયેલા સમાજને કદી સમજાતી નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

આઝાદીનો હું હાસ્યરસ છું.

- પાલખીવાલા અમિતા મનુભાઈ

બાપુને એક પત્ર

પ્રતિશ્રી ગાંધીજી
સ્વર્ગ એપાર્ટમેન્ટ, ટોપ ફ્લૉર,
આકાશ માર્ગ, બ્રહ્માંડ
પીન કોડ - ૦૦૦ ૦૦૦

''પ્રિય બાપુ'',
કેટલાં વર્ષો થયાં તમને ગયે
૧૯૪૮ થી ૨૦૨૫
હવે તો તમે ક્યાંય વર્તાતા નથી.

દેખાવ છો માત્ર ફોટામાં
જે લટકતો હોય છે.
પોલીસ સ્ટેશનની, કોર્ટની, સ્કૂલની
ગળતી દિવાલો પર

જાણે ઊખડેલા રંગોને
ઢાંકવા માટે ન વપરાતો હોય!
એમ ગોઠવેલો તમારો ફોટો
તમારો ફોટો સરસ
પણ ફોટાની આજુબાજુનું, ઉપરનીચેનું
બધું જ ચાડી ખાય છે તમારા ન હોવાની,

આમ તો બાપુ તમારી જબરી માર્કેટ
કેટકેટલાં પુસ્તકો! કેટકેટલું સાહિત્ય!
સત્યના પ્રયોગો તો કાયમ બેસ્ટ સેલર

કેટકેટલી વેબસાઈટ
એકદમ લેટેસ્ટ અને અપડેટેડ
તમને ઈચ્છીએ ને ત્યારે ડાઉનલોડ કરી શકાય

તમારા નામના રસ્તા
તમારા નામના ટ્રસ્ટ
તોયે અમે કેટલા ભ્રષ્ટ!

તમે એક નાનકડી પેન્સિલ પણ સાચવતા
અને અમે!
સાવ ડિસ્પોઝેબલ
કાં તો ફેંકી દઈએ, કાં ફેંકાઈ જઈએ

ખેર, આવી તો કંઈ કેટલીયે ફરિયાદો છે
કબૂલાતો છે.
પણ મારા આ પત્રને હું અહીં જ
વિરામ આપું છું.

હવે ઇતિહાસનો પિરિયડ છે
અને તમારા વિશે જ ભણવાનું છે!
હવે બીજી રીસેસ પડશે ત્યારે આગળ લખીશ
જો હું નહીં બદલાયો હોઉં તો.''

થોડો વ્યંગ, થોડી રમૂજ અને થોડો મલકાટ ધરાવતી આ કવિતામાં મારો જ પરિચય છુપાયેલો છે. હું હાસ્યરસ છું. હું આનંદ અથવા આનંદની અવિરત અભિવ્યક્તિમાં છું. હું ખુશી લાવું છું, આનંદ લાવું છું. રમૂજ, રમૂજી, વિનોદ, મલકાટ, આનંદ, મજાક આ બધાને હું સાથે લઈને ચાલુ છું. શૃંગાર રસ તો મારો જોડીદાર છે. તેમાંથી હાસ્યરસની ઉત્પત્તિ

થાય છે. શૃંગાર રસ દર્દને પણ ઊભારે અને પ્રેમને પણ છલકાવે.

શણગાર, સંવાદ, બદલાયેલ વર્તન, અપ્રસ્તુત અને અયોગ્ય વાણી, પહેરવેશ, આભૂષણો, અપ્રસ્તુત શબ્દો, વિચિત્ર હિલચાલ (દા.ત. જોકર, રંગલો) નાટક કે પરિસ્થિતિમાં અણધાર્યો બદલાવ, શારીરિક વ્યંગ, લોભવૃત્તિ, રમૂજી વાતચીતો, વ્યંગ વગેરે નિર્ણાયકો દ્વારા હું ઉત્પન્ન થઉં છું. નાટ્યશાસ્ત્ર અનુસાર હું આત્મસ્થ અને પરાસ્થ પ્રકારનો છું. આત્મસ્થ પ્રકારમાં હું સ્વ-હાસ્ય ઉપજાવું છું. જેમાં હું (વ્યક્તિ) પોતાને હસાવું છું. જ્યારે પરાસ્થ પ્રકારમાં વ્યક્તિ બીજાને હસાવે છે. હું રસની એવી પદ્ધતિ છું જે વ્યક્તિને તણાવ અને ચિંતાઓથી રાહત મેળવવામાં મદદ કરે છે. મારી સુંદરતા એ છે કે મુશ્કેલીઓ અને ઝંઝાવાતો વચ્ચે પણ હું થોડું હાસ્ય લઈ આવું છું.

આઝાદીનો હું હાસ્યરસ છું. ગાંધી-સરદારના રમૂજ વ્યંગનો હું સાક્ષી છું. ગાંધીને આવતા પત્રોના સરદારે આપેલા ગામઠી શૈલીના પ્રત્યુત્તરમાં મારી હાજરી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામના દિગ્ગજોની ચતુરાઈઓ અને રમૂજમાં હું છું. સરોજિની નાયડુના હાવભાવ અને નકલોમાં ઉત્પન્ન થતાં વિનોદભાવમાં હું છું. વ્યક્તિએ ધારણ કરેલા વિકૃત રૂપમાં, આકારમાં કે ચેષ્ટામાંથી ઉત્પન્ન થતાં આનંદમાં હું છું. તો પેટ પકડીને હસતાં હસતાં વ્યક્તિની આંખમાંથી નીકળેલા આંસુમાં હું છું. તો વ્યંગાત્મક મધુર શબ્દોમાં પણ હું છું. હું ભાવનાત્મક રસ છું. સુવર્ણ મંદિરની સફાઈમાં વપરાતી મલકાતી મોરપીંછની સાવરણીમાં હું છું. હસતા મુખે ફાંસીના માંચડે ચઢી જનાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની શોણિતભીની કથાઓમાં હું છું.

આપણાં જીવનમાં અને સંસારમાં આપત્તિઓ, મૂંઝવણો, વિટંબણાઓ, દુઃખો વગેરેનો કંઈ પાર જ નથી. એ અતિ વિપુલ ભાર તળે માણસ ક્યારનો કચડાઈ જ ગયો હોય! છતાં પણ દુઃખ અને આપત્તિઓથી ભરેલી આ દુનિયામાં માનવી ટકી શકે છે, જીવી શકે છે, જીવનનો આનંદ લૂંટી શકે છે, તેનું મુખ્ય કારણ મનુષ્યમાં રહેલી વિનોદશક્તિ. વિનોદવૃત્તિ માનવીના દુઃખોને, આપત્તિઓને ઓગાળી નાખી હળવા બનાવી દે છે.

આ વિનોદનું-મુક્ત હાસ્યનું દર્શન કરાવે એવા પ્રસંગો મહાત્મા ગાંધી, સરદાર, નહેરુ, સરોજિની નાયડુ, નિઝામો, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ વગેરેના જીવનમાં ઘણા મળી આવે છે. આપણા આ સ્વાતંત્ર્ય વીરોના હાસ્યથી ભરેલા પ્રસંગોને યાદ કરીને ચાલો, આપણે પણ ખૂબ હસીએ અને મુશ્કેલીઓને હસી કાઢવાની શક્તિ મેળવીએ.

કાયદાના અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયેલા ગાંધીએ સંતપ્ત થઈને 'અંગ્રેજ સદ્‌ગૃહસ્થ' થવાનું વિચાર્યું. નવા પોશાકો, ચાંદીના હાથાવાળી લાકડી, ઝાંખરા જેવા વાળને

સરખા કરવા લોશનનો ઉપયોગ, સામાજિક રીતે વટ પાડવા વાયોલિન વસાવવું, નૃત્યવર્ગમાં દાખલ થવું, ફ્રેન્ચ શિક્ષક અને વક્તૃત્વકળા શીખવનાર નિષ્ણાત પાસે તાલીમ લેવી - પાંચ ફૂટના એ માનવીએ પોતાને આકર્ષક બતાવવા ઢોંગ કરેલો.

આ બધું કરવા છતાં પણ વાયોલિનમાંથી ચિચિયારીઓ કાઢવા સિવાય કંઈ તેમને આવડ્યું નહીં. નૃત્યમાં તેમના પગનો તાલ જ ન મળે! ફ્રેન્ચ ભાષાએ જાણે જીભ સાથે રીસામણાં ન લીધાં હોય! વક્તૃત્વકળાનાં કોઈ પાઠ તેમના શરમાળપણાને દૂર ન કરી શક્યા.

વિદ્વાનો કહે છે કે કડક શિસ્તપ્રિય તરીકે જાણીતા મહાત્મા ગાંધીમાં રમૂજની ભાવના પણ હતી. જે એક એવો ગુણ હતો જેણે તેમને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની કઠિન યાત્રાની કઠોરતાનો સામનો કરવામાં મદદ કરી હતી. દક્ષિણ આફ્રિકામાં નાગરિક અધિકારો માટે લડવાથી લઈને ભારતમાં ધર્મયુદ્ધ લડનારા બનવા સુધી, ગાંધીજીના રમૂજી પક્ષે તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં વધારો કર્યો.

જ્યારે એક પત્રકારે એકવાર ગાંધીજીને પૂછ્યું - ''તમે હંમેશાં ટ્રેનમાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાનું કેમ પસંદ કરો છો?'' તેમણે જવાબ આપ્યો હોવાનું કહેવાય છે - ''બસ, કારણ કે હજુ સુધી ટ્રેનમાં કોઈ ચોથો વર્ગ નથી.''

દીનબંધુ એન્ડ્રુઝ ગાંધીજીના ગાઢ મિત્ર હતા. તેઓ પરસ્પર 'ચાર્લી' અને 'મોહન' કહી સંબોધતા. એન્ડ્રુઝ એકવાર લાંબો ઝભ્ભો અને કાળી કિનારનું ધોતિયું બંગાળી ઢબે પહેરીને આવ્યા. રામનારાયણ ચૌધરીએ તેમને જોતાં જ બાપુને કહ્યું કે, 'દીનબંધુએ તો સાડીની ધોતી પહેરી છે. એટલામાં દીનબંધુ ત્યાં આવી પહોંચતા બાપુ બોલ્યા, 'ચાર્લી, આજે આ કેવો વેશ લીધો છે ? રામનારાયણ કહે છે કે આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે.' બાપુના મીઠા કટાક્ષનો જવાબ દીનબંધુએ પણ એટલો જ રસિક આપ્યો, 'મારે પણ મારા મોહન પાસે આવવાનું હતું ને?'

આશ્રમમાં બલવન્તસિંહજી નામે કાર્યકર્તા ખેતી અને ગૌશાળા વિભાગ સંભાળતા હતા. એકવાર તરતનો જન્મેલો વાછરડો લઈને તેઓ બાપુ પાસે આવ્યા અને ગાયનું નામ આપીને કહેવા લાગ્યા કે તે વિયાઈ છે. બાપુ ખુશ થઈને વાછરડા પર હાથ ફેરવતા બોલ્યા, 'ઠીક ત્યારે તમને છોકરો થયો છે.'

ગોપાલકૃષ્ણ દેવદાસ ગાંધી લખે છે : ગાંધી નહેરુને પ્રેમ કરતાં હતા રાજેન્દ્રપ્રસાદ પર વિશ્વાસ કરતાં, રાજાજીની પ્રશંસા અને મૌલાના આઝાદનું સન્માન કરતાં હતાં. પરંતુ પટેલ! તેમના પર તેઓ આધાર રાખતા હતાં અને તેમની સાથે હસતા હતા. સરદાર પણ ગાંધીજીની મજાક કરી શકતા હતાં. ઘણી થોડી વ્યક્તિઓમાં સરદાર માત્ર એક હતા. યરવડા જેલની તેઓની કેટલીક ક્ષણો આપણને રમૂજ પ્રદાન કરાવશે.

૧૯૩૦ની સાલમાં યરવડા જેલમાં તેઓ

હતા ત્યારે દેશસેવક શ્રી શ્રીનિવાસ શાસ્ત્રીજીએ તેમને જેલમાં એકલા રહેતા ગમગીની અનુભવતા હોવાનું લખ્યું. ત્યારે પ્રત્યુત્તરમાં ગાંધીજીએ કહ્યું, ''હું ગમે તેટલો એકલો રહું પણ ગમગીન બનું એવો નથી. વળી અહીં તો મારી સાથે સરદાર છે. એ એમની મશ્કરીઓના સપાટાથી દિવસમાં કેટલીયે વાર મને પેટ પકડીને હસાવે છે. ગાંધીજી સરદારની રમૂજથી એટલા પ્રભાવિત હતાં કે કોઈની ગેરહાજરી એમને સતાવતી નહીં.

મહાદેવભાઈ દેસાઈની ડાયરીમાંથી મળેલો બીજો એક રમૂજી પ્રસંગ પણ જોવા જેવો છે. જેલમાં ગાંધીજીને લગભગ દરેક વસ્તુમાં એક ચપટી સોડા ઉમેરવાની ટેવ હતી. જેલવાસ દરમિયાન જ્યારે પણ કોઈ મુશ્કેલી ઊભી થતી ત્યારે સરદાર ટિપ્પણી કરતાં કહેતાં, ''એક ચપટી સોડા ઉમેરો અને બધું સારું થઈ જશે.''

જેલવાસ દરમિયાન એકવાર બાપુએ કહ્યું : (મૃત્યુ વિશે) ''કોઈને કોઈ દિવસ વહાણને ધારણ કરનારાઓના ખભા ઉપર ચઢવું પડશે.'' ત્યારે સદરારે તરત જ કહ્યું, '' પહેલા વહાણને કિનારે લાવો અને પછી તમને ગમે ત્યાં જાઓ.''

એકવાર યરવડા જેલમાં હરિજન-પ્રશ્ન અંગે ગાંધીજી ઉપવાસનું વિચારી રહ્યાં હતા. એક દિવસ ઠક્કરબાપા ગાંધીજીને મળવા જેલમાં આવ્યા. ત્યારે વાતચીતમાં ઠક્કરબાપાએ ગાંધીજીને કહ્યું કે તમારે હવે ક્યાં જેલમાં લાંબુ રહેવું છે? એના જવાબમાં ગાંધીજી કહે : ''પાંચ વર્ષ તો ખરાં જ! ત્યારબાદ નરહરિભાઈ પરીખ સરદારની મુલાકાતે આવ્યા. અને તેમણે ચિંતાતુર સ્વરે ઠક્કરબાપા સાથે ગાંધીને થયેલી વાતચીત વિશે કહ્યું. એ સાંભળીને સરદાર વિનોદ કરતાં કહે, ''તમે નાહકના ગભરાવ છો. એમાં ગભરાવાનું શું છે? ગાંધીજીને પાંચ વર્ષ જેલમાં રહેવું પડશે એટલે ગાંધીજી ૬૯-૭૦ વર્ષ જીવશે એવું તો નક્કી થયું ને? પછી શું?''

કેટલીકવાર બાપુ પર આવેલા પત્રોના વાચન વખતે વલ્લભભાઈ પણ સાથે બેઠા હોય, તે બેઠાં હોય એટલે ના હોય ત્યાંથી રમૂજ વચ્ચે ટપકી પડે. એક વાચકે ગાંધીજીને ખુલ્લો પત્ર લખ્યો કે એ મારું દુર્ભાગ્ય છે કે હું તમારા (બાપુના) સમયમાં જીવું છું.''સરદાર! આ પત્રનો શો જવાબ લખવો તે મને જણાવો.'' ''બાપુએ પૂછ્યું, ''ઝેર પી લો એવું તેને લખી દો.'' સરદાર બોલ્યા. બાપુ કહે, ''એને બદલે હું તેને એવું લખું કે તમે બાપુને ઝેર પીવડાવી દો તો એ વધારે યોગ્ય નહીં લાગે?'' સરદારે કહ્યું, ''ના, મને ડર છે કે એથી એનું કામ નહીં સરે. કેમ કે તમને ઝેર આપવાથી તમે ગુજરી જશો ને એ બદલ તેને મૃત્યુદંડની સજા થશે અને તેને તમારી સાથે પુનર્જન્મ લેવો પડશે, ફરી પાછું તમારા યુગમાં જીવવું પડશે. એ કરતાં તો તે જાતે જ ઝેર પી લે એ બેહતર છે.''

ગાંધીજીને મળતા વિવિધ પ્રકારના પત્રોમાં 'સમસ્યાઓ'માં માર્ગદર્શન મેળવવા માટેના પણ પત્રો રહેતાં. એક પત્ર લેખકે ગાંધીજીની

સલાહ માગતા પૂછ્યું કે, તેની પત્ની દેખાવમાં કદરૂપી હોવાને કારણે તેને તે દીઠી ગમતી નથી, તો તેણે શું કરવું? વલ્લભભાઈએ બાપુને તરત જ કહી દીધું કે તેને લખી દો કે તું 'સુરદાસ' થઈ જા, ત્યાર પછી તું તારી સ્ત્રી સાથે સુખ અને આનંદથી રહી શકીશ.

આવો જ બીજો એક પત્ર ગાંધીજીને મળ્યો. જેમાં પૂછ્યું હતું કે, ''ત્રણ મણ વજનનો માણસ આ પૃથ્વી પર ચાલે ત્યારે કીડીઓને કચડી નાખવાથી કેવી રીતે બચી શકે?'' સરદારે તરત જ જવાબ આપતાં કહ્યું, ''તેમને કહો કે તેના પગ તેના માથા પર રાખીને ચાલે.'' આવા તો સેંકડો વિનોદપૂર્ણ જવાબો સરદાર પોતાની આગવી ગામઠી શૈલીમાં કહેતાં.

એકવાર ગાંધીજી માંદા પડ્યા હતા. ડૉક્ટરે તેમને તપાસીને કહ્યું કે, 'પેનિસિલીનનું એક ઈન્જેક્શન લેવું પડશે. નિસર્ગોપચાર અને એથીય વધુ રામનામ પર વિશ્વાસ ધરાવનાર ગાંધીએ ઈન્જેક્શન લેવાની ના પાડી. ત્યારે ડૉક્ટરે તેમને કહ્યું, ''તમે ઈન્જેક્શન લેશો તો ત્રણ દિવસમાં સાજા થશો. નહિતર ત્રણ મહિના લાગશે.'' ગાંધીજીએ કહ્યું, ''મારે માટે એ જ યોગ્ય છે. મને કોઈ ઉતાવળ નથી.'' ડૉક્ટરે કહ્યું, ''પણ તમારો ચેપ બીજાને લાગે એનું શું? ગાંધીજીએ કહ્યું, ''તો તેમને ઈન્જેક્શન આપો.''

એકવાર એક અંગ્રેજી પુસ્તક વાંચતી વખતે ગાંધીજી ''બ્રિટિશ બાઈબલ'' વાક્યના અર્થમાં અટવાઈ ગયા. સરદાર પટેલે તરત જ મજાક ઉડાવી, ''બ્રિટિશ બાઈબલ બીજું શું હોઈ શકે? પાઉન્ડ, શિલિંગ અને પેન્સ.'' ગાંધીજીને આશ્ચર્ય થયું કે પુસ્તકમાં આ જ અર્થ લખાયો હતો.

એક મુઠ્ઠી મીઠું અને વાંસની લાકડીથી સ્વતંત્ર ચળવળને વેગ આપનાર ગાંધીને બકિંગહામ પેલેસમાં સમ્રાટ સાથે ચા પીવા જતાં, બ્રિટિશ પ્રજાએ દિગ્મૂઢ થઈને નિહાળ્યા. પગમાં સેન્ડલ પહેરીને, પોતડી પહેરેલા મહાત્મા બકિંગહામ પેલેસમાં ગયા હતા. પાછળથી જયારે ગાંધીને એવા વેશ વિશે પૂછવામાં આવતાં, તેમણે હસીને જણાવ્યું હતું કે, રાજાએ અમને બન્નેને વીંટળાઈ જાય તેટલાં કપડાં પહેર્યા હતાં.''

૧૯૩૮માં સુરતના હરિપુરા ખાતે યોજાયેલા કૉંગ્રેસ અધિવેશનના મુખ્ય આયોજક સરદાર પટેલ હતા. સુભાષચંદ્ર બોઝની અધ્યક્ષતા હેઠળ મહાત્મા ગાંધી સહિત ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના ટોચના નેતાઓ હાજર રહેવાના હતાં. ત્યારે ગાંધીજીએ દરેક પ્રતિનિધિને ગાયનું દૂધ મળે તેવી વાત સરદાર પટેલને જણાવી. સરદારે તરત જ જવાબ આપ્યો. ''ચિંતા કરશો નહીં, તેની વ્યવસ્થા કરવામાં આવશે. ખેડા જિલ્લામાં અમારી પાસે ઘણી ભેંસો છે અને તેમને સફેદ રંગ કરીને ગાયોમાં રૂપાંતરિત કરીશું.'' ગાંધીજીએ આશ્ચર્યચક્તિ થઈને ફરી પૂછ્યું ત્યારે સરદારે તેમને ચિંતા ન કરવા કહ્યું અને ગાંધીજી શાંત

થઈ ગયા. આમ ભેંસને 'કાળી ગાય' કહી ગાયના દૂધના ગાંધીજીના આગ્રહની તેઓ ખિલ્લી પણ ઉડાવી લેતા હતાં. ગાંધીજીની ગ્રામોદ્યોગની પ્રવૃત્તિની પણ શરૂઆતમાં મજાક-મશ્કરી કરતા. હાથછડના ચોખાને 'લોઢાના ખીલા' કહેતા અને વિટામીનને ખાતર કાચી શાકભાજી ખાનારને 'બકરા'નું સંબોધન કરતાં.

૩૦ જાન્યુઆરી બપોર પછી સાડાચાર વાગ્યે આભા ગાંધીજી આગળ તેમનું સાંજનું ભોજન લાવી. પ્રાર્થનાનો સમય લગભગ થવા આવ્યો હતો. પણ ગાંધી અને સરદારની વાતો હજુ પૂરી થઈ નહોતી. પણ પ્રાર્થનાના સંબંધમાં સમયપાલનના આગ્રહી ગાંધી આભા અને મનુ જેને તેઓ રમૂજમાં ટેકો આપનારી 'ઘોડી' કહેતા હતા તેમના ખભા પર પોતાના હાથ રાખીને તેમની સાથે મજાક ઉડાવતા અને હસતાં પ્રાર્થનાભૂમિ તરફ ચાલ્યા. ભોજનમાં આભાએ તેમને કાચા ગાજરની વાનગી પીરસી હતી તેનો ઉલ્લેખ કરીને ગાંધીજીએ મજાકમાં કહ્યું, ''ત્યારે તું મને ઢોરનો ખોરાક પીરસે છે એમને!'' આભાએ જવાબ આપ્યો, ''બા (કસ્તુરબા) એને ઘોડાનો ખોરાક કહેતા હતાં.'' ''બીજું કોઈ જેને અડે પણ નહીં એ વસ્તુ સ્વાદથી ખાવી એ ભવ્ય નથી?'' ગાંધી જવાબ આપીને હસ્યા.

ગાંધીજીએ એકવાર રમૂજ કરી કે, ''જો મારામાં રમૂજની ભાવના ન હોત, તો હું ઘણા સમય પહેલાં આત્મહત્યા કરી લેત.'' ગાંધીજીની યૌવનભરી તાજગીનું એક કારણ એમની હાસ્યવૃત્તિ હતું. કરુણમાં કરુણ પરિસ્થિતિમાં પણ એ એમને છોડી જતી નહોતી. જે માણસમાં હાસ્યવૃત્તિ છે તેને મન બધી જ પરિસ્થિતિમાં કંઈકને કંઈક નાટ્યતત્વ રહેલું જ હોય છે. વળી, મહાત્મા ગાંધીના હાસ્યની દરેક લોકો રાહ જોતા હતા, કારણ કે ત્યારે જ ખબર પડતી હતી કે તેમને મોંમાં દાંત નથી.

સરદાર વજ્ર જેવા કઠોર, બાહોશ, વિચક્ષણ અને મુત્સદ્દી હતા. તેમના શબ્દો ક્યારેક કડવા અને કઠોર હતા. તેમની વાણી વેધક હતી. એમનામાં હાસ્ય, રમૂજ, મૃદુતા, નિખાસલતા, વ્યંગાત્મકતાના ગુણો આપણે વિચારી જ ના શકીએ. પણ આ રમૂજી ભાવના તો તેમનામાં શાળાના દિવસોથી જ જણાઈ આવે છે.

એકવાર તેમની શાળાના ગુજરાતી શિક્ષકે તેમને દેવભાષા ગણાતી સંસ્કૃત ભાષાને છોડી દઈને વધારાના વિષય તરીકે ગુજરાતી વિષય પસંદ કરવા બદલ ઠપકો આપ્યો અને વર્ગના બીજા વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે, ''આ દેશના દરેક હિન્દુ વિદ્યાર્થીઓએ સંસ્કૃત શીખવું જોઈએ.'' ત્યારે વલ્લભભાઈએ તરત જ ગુજરાતી શિક્ષકને જવાબ આપ્યો કે, ''સાહેબ, જો બધા વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષા શીખી હોત તો તમે ઘેર બેઠા હોત.'' શિક્ષકનો મિજાજ છટકી ગયો અને તેમને એક એકાથી દસ એકા સુધી પાડા (આંક) લખી લાવવા કહ્યું. આ શિક્ષાના અનાદર બદલ દિનપ્રતિદિન તેમની સજા વધતી ગઈ અને

બસ્સો પાડા લખવાનો શિક્ષકે હુકમ કર્યો. જ્યારે શિક્ષકે પૂછ્યું ત્યારે ઠંડે કલેજે જવાબ આપ્યો કે સાહેબ, બસ્સો પાડા લાવ્યો હતો. પણ એક પાડો મારકણો નીકળ્યો. તેથી ભડકીને બધા પાડા દરવાજેથી ભાગી ગયા. વર્ગમાં હસાહસ થઈ ગઈ.

ગુજરાતની બહાર તો સરદાર પટેલની રમૂજ અને વ્યંગની ભાવના બહુ જાણીતી નહોતી. તેમની ટિપ્પણીઓ અને મજાકમાં ગુજરાતના ખેડા જિલ્લામાં આવેલા સમૃદ્ધ કૃષિપ્રધાન ચરોતરનો એક અલગ સ્વાદ હતો. જે આપણને હવેના પ્રસંગમાં જોવા મળે છે.

પાટીદાર નાતના પહેરામણી વગેરે રિવાજો તરફ તેમને ભારે તિરસ્કાર હતો. વરપક્ષને ખુશ કરવા કન્યાપક્ષે તેઓ જે માંગે એ આપવું પડતું. આવા રિવાજ તરફ ધૃણા ધરાવનાર સરદાર કોઈની પહેરામણી લીધાની વાત સાંભળે તો નફરત સાથે પૂછતા, ''આખલાના (વરરાજા) કેટલા ઉપજ્યા? પાંચ હજાર કે સાત હજાર?

બારડોલી સત્યાગ્રહ વખતે એક ગ્રામવાસી સરદાર પટેલ પાસે આવ્યો અને ગંભીરતાથી બોલ્યો, ''અમારા ગામમાં આવીને અમલદાર ગાળો ભાંડે છે.'' એ સાંભળીને સરદાર હસતાં હસતાં કહે, ''જાણજો કે ગધેડું ભૂંકે છે!'' એ સાંભળતા જ પેલો ગ્રામવાસી અને બીજા લોકો પણ ખડખડાટ હસી પડ્યા.

૧૯૩૦માં ગાંધીજીના પ્રખ્યાત દાંડીકૂચના બે મહિના પહેલા સરદાર પટેલને ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક વિદ્યાર્થીઓની એક સભાને સંબોધવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ત્યારે તેમણે કહ્યું,''તમે મારા જેવી અભણ વ્યક્તિને સભાના પ્રમુખ તરીકે કેમ પસંદ કર્યો?'' ''હું તો 'ઘઉં વચ્ચે ભૂસું' છું.'' આમ મુક્ત હાસ્યનું દર્શન કરાવે એવા પ્રસંગો સરદારશ્રીના જીવનમાં ઘણાં મળી આવે છે.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન નાગપુર સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ અને ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહનો હિસ્સો બની રહ્યા. બારડોલી સત્યાગ્રહ પછી જ તેઓ 'સરદાર'ના બિરુદથી પ્રસિદ્ધ થયા. પણ સ્વાતંત્ર્ય ચળવળના ઘણા વર્ષો સુધી તેમને ક્યારેય જેલની સજા થઈ નહોતી. પણ આખરે ૧૯૩૦ના ગાંધીજીના મીઠા સત્યાગ્રહ વખતે પ્રતિબંધિત જાહેર પ્રવચન કરવા બદલ તેમને જેલની સજા થઈ. ત્યારબાદ આઝાદી પ્રાપ્ત થઈ ત્યાં સુધી ક્રમશઃ સાબરમતી, યરવડા, નાસિક અને એહમદનગર કિલ્લાની બ્રિટિશ જેલોની પણ તેમણે સજા ભોગવી. તેમાં પણ ૬૭ વર્ષની ઉંમરે એમનો લાંબામાં લાંબો જેલવાસ રહ્યો. પણ એ જેલવાસ એમના જુસ્સાને, આનંદને અને ચરોતરના એક અલગ સ્વાદવાળી વિનોદવૃત્તિને વિપરીત અસર કરી શક્યા નહીં. ગમે તેટલા સામાજિક કે રાજકીય વિકટ પ્રસંગો હોય કે વિહવળ કરી શકતા કપરા સંજોગો હોય, પણ સરદારમાં તેને હસી કાઢી હળવી બનાવી મૂકવાની અદમ્ય ક્ષમતા હતી.

સરદારશ્રીમાં રહેલી વિનોદશક્તિનો પરિચય એમની નિકટ સંબંધમાં આવનારાને થયા વિના ના રહે. આ લોહપુરુષની છબીની માત્ર કલ્પના કરીએ કે જે રાજા રજવાડાઓ સાથે વાત કરતાં હતાં, સાથે જ અંગ્રેજો સામેની લડાઈ પણ લડી રહ્યા હતા, પૂજ્ય બાપુના જનઆંદોલનની વ્યવસ્થા કરી રહ્યાં હતા, સાથે જ ગમાણની ગંધ પણ ભૂલ્યા નહોતા. તો બારડોલી સત્યાગ્રહ સફળ બનાવી અંગ્રેજ સલ્તનતના પાયા હચમચાવી મૂક્યા હતા. આ બધાં વચ્ચે એમની રમૂજ ભાવના પૂર રંગમાં રહેતી હતી.

જેમ મીરાંબાઈએ ગાયું છે, ''સુખદુઃખ સરખે સહીએ, રામ રાખે તેમ રહીએ.'' ભગવાન શ્રીકૃષ્ણ, આદિકવિ નરસિંહ મહેતા, અનેક સંતો, મહંતો, મહાપુરુષો, પયગંબરો વગેરે આપણને સુખ અને દુઃખમાં સમતા જાળવવાનો ઉપદેશ આપતા આવ્યા છે. સરદારશ્રીના જીવનમાં પણ આ સત્ય વણાઈ ગયેલું હતું.

સ્વાતંત્ર્ય સંગ્રામના દિગ્ગજો ચતુરાઈઓ, રમૂજ, ઉગ્રતાને શાંત કરવા અને સ્વસ્થ ચર્ચાઓ કરવા સક્ષમ હતાં. ઊર્જા અને હાસ્યથી ભરપૂર વ્યક્તિત્વ ધરાવતી આવી જ અન્ય એક વ્યક્તિ હતી, સ્વાતંત્ર્ય સેનાની, હિન્દની 'બુલબુલ' સરોજિની નાયડુ. જીવનમાં દુઃખ, સંઘર્ષો છતાં જીવન પ્રત્યે હાસ્યનો દષ્ટિકોણ તેમણે જાળવી રાખ્યો હતો. તેઓ હાસ્યને ભગવાને આપેલી સૌથી કિંમતી ભેટ માનતા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મિત્રોનો રાજકીય તણાવ, બેચેની દૂર કરવા માટે તેઓ આ ભેટનો પૂરતો ઉપયોગ કરતાં હતાં. કુશળ વાર્તાકાર અને નકલખોર સરોજિની નાયડુ પોતાના હાવભાવ દ્વારા બીજાનો મૂડ હળવો કરતાં અને ચહેરાઓ પર હાસ્ય લાવતા. તેઓ માનતા કે આપણા જેવા વિશાળ અને પરતંત્ર દેશમાં ઘણીવાર વિલંબ અને કાર્યો પૂર્ણ કરતી વખતે આવતી અડચણોથી ઊભી થતી હતાશા, ઉદાસીનતા, શ્રમથી થાકેલા, શોકથી વ્યથિત, દુઃખથી દબાયેલા અથવા કઠોર સમયથી ત્રસ્ત લોકો માટે આરામ અને રાહત ઉત્પન્ન કરવા માટે રમૂજની ભાવના જાળવી રાખવી અને હસવા અને હસાવવા માટે થોડી ક્ષણો ઊભી કરવી તે મહત્વપૂર્ણ બને છે. ક્યારેક બે વ્યક્તિ વચ્ચે સર્જાયેલ વિસંવાદને રમૂજ દ્વારા વિખવાદમાં પરિણમતો પણ અટકાવી શકાય છે.

સરોજિની નાયડુને ગાંધીજી સાથેનો સંબંધ ખાસ હતો. તેમણે જ ગાંધીને 'આપણા પ્રિય મિકી માઉસ' કહ્યા હતા. નેહરુને તેઓ 'પ્રિન્સ ચાર્મિંગ' કહેતા હતા. એકવાર એક હાઈપ્રૉફાઈલ ચા પાર્ટીમાં જ્યાં નેહરુ પ્રત્યે બધી સ્ત્રીઓનું ધ્યાન ખેંચાયું હતું, ત્યારે સરોજિનીએ રમતિયાળ રીતે બૂમ પાડી, 'જવાહર, તારી ટોપી ઉતાર અને છોકરીઓનો ભ્રમ દૂર કર.' સરદાર પટેલ, જેમને તેઓ 'બારડોલી બુલ' કહેતા હતા અને આચાર્ય કૃપલાણી જેમને તેઓ 'સ્કેરક્રો' (ચાડિયો) કહેતા હતા. સરોજિની પોતાની ઉપર પણ મજાક કરી લેતાં. એકવાર એક જાહેરસભા

પછી, જ્યારે ફોટોગ્રાફર્સ તેમના ફોટોગ્રાફ માટે કેમેરાનો એન્ગલ ગોઠવતા હતા, ત્યારે તેમણે બૂમ પાડીને કહ્યું, ''ચાલો છોકરાઓ, જલ્દી કરો. હું બધી જ બાજુઓથી સમાન છું - જાડી અને ગોળ''

વિષ્ણુ ધર્મોત્તર પુરાણ અનુસાર અંગોની વિચિત્ર હિલચાલ, ખામીયુક્ત પોશાક, કેટલીક અપ્રસ્તુત અથવા રમૂજી વાતચીતો, વિચિત્ર સ્વભાવ, રહેણીકરણી, લોભ વગેરેમાંથી પણ રમૂજ ઉત્પન્ન થાય છે. આવો જ એક કિસ્સો ૧૯૪૭માં દુનિયાના સૌથી ધનાઢ્ય માણસ ગણાતા એવા હૈદરાબાદના સાતમા નિઝામ-મિર ઉસ્માન અલીખાન, તેમની વિચિત્ર રેહણીકરણી, સ્વભાવ અને લોભને કારણે લોકોમાં હાસ્યાસ્પદ બનતા હતા.

તેઓ સ્થાનિક બજારમાંથી ખરીદેલા સસ્તા લેંઘા અને સામાન્ય જોડા પહેરતા. એક સાથે ૧૦૦ માણસોને જમાડી શકાય તેટલાં સોનાના વાસણો હોવા છતાં, તેઓ પતરાની તાસકમાં જમતા અને પોતાના બેડરૂમમાં સાદડી પાથરીને સૂતા. એ એટલા કંજૂસ હતા કે પોતાના મહેમાનોએ નાખી દીધેલ સિગારેટના ઠૂંઠા પણ પીતા. આવનારા મહેમાનોને એક ટ્રેમાં એક કપ ચા, એક બિસ્કિટ અને એક સિગારેટ આપતા. ૨૦૦ મિલિયન ડૉલરનો ૨૮૦ કેરેટનો લીંબુ જેવડો મોટો જેકબ ડાયમંડ 'પેપર વેઈટ' તરીકે વાપરનાર આ નિઝામ ગંદા ઝૂંપડા જેવા શયનખંડમાં રહેતાં તે કેટલું હાસ્ય ઉપજાવનારું છે!

જ્યારે હિન્દ મુક્તિ પર્વની ઉજવણી કરતું હતું ત્યારે હિંદના નવા જ મુક્ત થયેલા નાગરિકોની લાગણીનું ધ્યાન રાખી વાઈસરૉય હાઉસમાં વીતી ગયેલા યુગની એક પણ નિશાની દષ્ટિગોચરના થાય તેની કામગીરી પૂરજોશમાં ચાલતી હતી. લોર્ડ માઉન્ટબેટન અને તેમનાં પત્ની તખ્તપિઠિકા  પર બેઠાં હતાં. ભારતના નવા શાસકો આવીને તેમની બંને તરફ ગોઠવાયા. ડૉ. રાજેન્દ્ર પ્રસાદે માઉન્ટબેટનને હિન્દના પ્રથમ ગર્વનર જનરલ થવાનું વિધિવત આમંત્રણ આપ્યું અને માઉન્ટબેટને આઝાદ દેશના સેવક તરીકે વફાદારીપૂર્વક કામ કરવાના સોગંદ ખાધા. તેમની સોગંદવિધિ પછી નહેરુએ માઉન્ટબેટનને એક પરબિડિયું આપ્યું. એ પરબિડિયામાં માઉન્ટબેટનની મંજૂરી માટે મૂકવામાં આવેલા પ્રધાનમંડળના સભ્યો તરીકે નીમવામાં આવનાર વ્યક્તિઓનાં નામો હતાં. માઉન્ટબેટને સૌનું અભિવાદન કર્યું અને પરબિડિયું ખોલ્યું અને એકાએક ખડખડાટ હસી પડ્યા. એ સાંજની ભાંજઘડમાં નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળના નામો લખવાનું ભૂલી જ ગયા હતા. એ પરબિડિયામાં કોરો કાગળ જ હતો. છતાં પણ સૌની સોગંદવિધિ થઈ!!!

૧૯૩૦નું વર્ષ અંગ્રેજ સરકાર ધ્વજ ફરકાવનારને પકડી જેલમાં પૂરી દેતી. પણ અલ્હાબાદના યુવાનોએ સરકારની આ દમનનીતિ સામે પડકાર ફેંક્યો, ''ટાવર પર તિરંગો ફરકાવીને જ રહીશું.'' પોલીસ સચેત

થઈ ગઈ. અચાનક એક બુરખાધારી સ્ત્રી ઘોડાગાડીમાંથી ઉતરી ટાવર ઉપર ચઢવા માંડી, ને થોડી જ ક્ષણમાં નીચે આવીને ઘોડાગાડીમાં બેસી ગઈ. નવયુવાનોએ જયઘોષણા કરી ધ્વજને સલામી આપી. પેલી સ્ત્રીને પકડવા પોલીસ દોડી, પણ વ્યર્થ. આ બુરખાધારી સ્ત્રી બીજું કોઈ નહીં, પણ લાલબહાદુર શાસ્ત્રીજી હતા.

૧૯૨૮માં લાહોર સ્ટેશન પર અંગ્રેજોને ચકમો આપવા (ઉલ્લુ બનાવવું - ઠગવું) ભગતસિંહ દાઢી અને વાળ કપાવી અંગ્રેજ ટોપી પહેરી ઑફિસર બની ગયા. દુર્ગાભાભી ભારતીય ક્રાંતિકારી અને સ્વાતંત્ર્ય સેનાની દુર્ગાભાભી (હિન્દુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનના એક સભ્ય ભગવતી ચરણ વોહરાની પત્ની) પણ મોંઘી સાડી અને હાઈ હીલવાળા સેન્ડલ પહેરી 'મેડમ'ની ભૂમિકામાં આવી ગયા. લાહોર સ્ટેશન પર પોલીસ કર્મીઓ દાઢીમૂછ અને મોટાવાળવાળા યુવકની તપાસ કરી રહ્યા હતા. એવામાં જ ભગતસિંહે પોતાની ટિકિટ લહેરાવીને કહ્યું કે, ''અમકો કલકત્તા કા ટ્રેન પકડના માંગતા, ટુમ હમારી મદદ કરેગા?'' તેમને અંગ્રેજ અધિકારી સમજીને પોલીસે ટ્રેનમાં જવા માટે મદદ પણ કરી. ભગતસિંહનો આ અંદાજ દુર્ગાભાભી સહિત તમામ ક્રાંતિકારીઓને પણ હસાવી ગયો.

**હાસ્ય ઉપજાવે તેવું હાયકુ**

આજે તો ખાદી
ગાંધીજી કરતાંય
મોંઘીદાટ છે.

માત્ર રેંટિયો
જોવા, શહેર આવ્યું
ગાંધી મેળામાં.

આઝાદીના ગર્ભમાં છુપાયેલો હું હાસ્યરસ છું... મારી સુંદરતા એ છે કે મુશ્કેલીઓ અને ઝંઝાવાતો વચ્ચે પણ થોડું હાસ્ય લઈ આવું છું. સ્વાતંત્ર્ય ચળવળના મુશ્કેલ સમયમાં, અસહ્ય દબાણમાં આપણા સ્વાતંત્ર્ય વીરોની વિનોદવૃત્તિ અનેક આપત્તિઓને ઓગાળી હળવા બનાવવાની કુનેહ ધરાવતા હતાં. તેવા સમયમાં પોતાની ઉપસ્થિતિ જોઈને મને મારા ઉપર ગૌરવ થાય છે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ થી ચાલુ)

ઉકેલ માત્ર અને માત્ર કેળવણી પાસે જ છે, કારણ કે કેળવણી એ મનુષ્યત્વને ઉજાગર કરનારું એક માત્ર સક્ષમ સાધન છે. જે કેળવણી વિદ્યાર્થીને 'સંસ્કાર' ને 'સ્કીલ' બંને વિવેકપૂર્ણ આપી શકે તે કેળવણી પામેલો વિદ્યાર્થી સમાજનો વિશ્વાસ મેળવીને મૂંઝવણોમાંથી માર્ગ કાઢી શકે. લોકભારતીના વિદ્યાર્થીઓનું સમૂહજીવન-છાત્રાલય ભરપૂર સંસ્કાર સિંચન કરે છે, જ્યારે અનુભવજન્ય અનુબંધિત કેળવણી જરૂરી સ્કીલ આપે છે. વિદ્યા અને અવિદ્યાના વિવેકપૂર્ણ સમન્વયથી જન્મતી કેળવણી જ આનો સાચો ઉકેલ હોવાથી આપણે સૌએ સહિયારા પુરુષાર્થથી સંસ્કારના અને વિવેકના વાવેતર યજ્ઞાર્થે કરવા જ રહ્યાં.

(સાભાર : કોડિયું)

# બ્રાહ્મણની જનોઈનો સાચો ઉપયોગ

- નીલેશભાઈ મહેતા

એકવાર આચાર્ય મહાવીર પ્રસાદ દ્વિવેદી પોતાના ગામમાં ગયા. ત્યાં તેમની ખેતી પણ હતી. રાત્રે વિશ્રામ પછી સવારે ઊઠીને સ્નાનાદિ પતાવીને તેઓ ખેતર તરફ નીકળી ગયા. રસ્તામાં ચાલતા તેમને એક ચીસ સંભળાઈ. આચાર્ય દ્વિવેદી દોડીને ચીસના અવાજની દિશામાં ગયા. ત્યાં એક સ્ત્રી પીડાથી તરફડી રહી હતી. સાપે તેને ડંખ માર્યો હતો. સ્ત્રી અસ્પૃશ્ય ગણાતી કોમની હતી. જે દ્વિવેદીજી જાણતા હતા. દ્વિવેદીજીએ પોતાની જનોઈ તોડીને સ્ત્રીના પગમાં જ્યાં સાપે ડંખ મારેલો તેનાથી થોડા ઉપરના ભાગે કસીને બાંધી દીધી. ડંખ મારેલા ભાગે ચાકુથી ચીરો પાડીને દૂષિત લોહી બહાર કાઢી લીધું. સ્ત્રીનો જીવ બચી ગયો.

આટલી વારમાં ગામના લોકો ત્યાં એકઠા થઈ ગયા. તેમાં કેટલાક તો બ્રાહ્મણ હતા. એમાંની એક વ્યક્તિએ કહ્યું, ''ધર્મની નાવ આજે ડૂબી ગઈ. જુઓ, આ મહાવીરે બ્રાહ્મણ થઈ જનોઈ જેવી પવિત્ર વસ્તુને તોડીને અસ્પૃશ્ય નારીના પગે બાંધી દીધી. હવે બ્રાહ્મણોનું સન્માન કોણ કરશે?'' - આ સાંભળી દ્વિવેદીજી બોલ્યા, ''આ જનોઈના કારણે આજે એક સ્ત્રીનો જીવ બચી ગયો.

મને આનંદ છે કે આજે મારું બ્રાહ્મણ હોવું કોઈકને તો કામ આવ્યું. આજે આ જનોઈએ એક અછૂત મનાતી સ્ત્રીનો જીવ બચાવીને પોતાની ઉપયોગિતા સિદ્ધ કરી દીધી છે.''

દ્વિવેદીજીની આ વાતનો કોઈ પાસે જવાબ નહોતો. કારણ કે મહાવીર દ્વિવેદીજીએ આજે સાબિત કરી દીધું હતું કે જાતિ કરતા માનવ ચડિયાતો હોય છે. સંકટમાં ફસાયેલા માણસના જીવનો બચાવ જ સાચો માનવધર્મ છે. તમામ પ્રકારની સંકુચિતતાઓથી ઉપર ઊઠીને જ્યારે પરોપકારી કર્મ કરવામાં આવે છે ત્યારે જ સાચી માનવતાના દર્શન થાય છે.

સંકલન : નીલેશ મહેતા

(અચલા માસિક : ફેબ્રુઆરી-૨૦૨૫ના અંકમાંથી સાભાર)

❀ ❀ ❀

શિક્ષક એટલે 'જે અંદર છે તે સહજભાવે પ્રગટ થાય તે'. શિક્ષકે તો માત્ર કૂવામાંનું પાણી બહાર કાઢવા માટે દોરડાનું કામ કરવાનું છે. દોરડામાં પાણી ન હોય તો કૂવામાંથી પાણી બહાર કાઢી શકે, દોરડું એ ડોલને પાણી સાથે પહોંચાડી દે, આટલું જ શિક્ષણકાર્ય છે. શિક્ષણ એટલે નાના પૂર્ણમાંથી મોટું પૂર્ણ બનાવવું.

- વિનોબા

❀ ❀ ❀

# પુસ્તક પરિચય - સંવેદનાની સરવાણી

**- અશોક સોમપુરા**

પુસ્તકનું નામ : સંવેદનાની સરવાણી

લેખક : ઈન્દિરા સુરેશ સોની

કિંમત : રૂા. ૨૧૦-૦૦

માનવીય વ્યવહારમાં માનવતાને ઉજાગર કરતી ઉત્તમ ઘટનાઓ ખૂબ જ સરળ અને હૃદયસ્પર્શી ભાષામાં એક સુંદર પુસ્તક સ્વરૂપે ઈન્દિરાબેને આપણી સમક્ષ રજૂ કરી છે. આપણે જ્યારે આ સરવાણીમાં પસાર થઈએ છીએ ત્યારે હૃદય એક ઉમદા ભાવોનો રોમાંચ અનુભવે છે. તેમની વાર્તામાં માનવતાની મહેંક આપણને સ્પર્શે છે ત્યારે માનવતાના મૂલ્યો કેટલા ઉપયોગી અને રૂપાળાં હોય છે તેનો આપણને અનુભવ થયા વગર રહેતો નથી. લેખિકાએ તેમના મનોભાવોને શબ્દ સ્વરૂપ આપ્યું છે. ૩૫ જેટલી સત્ય ઘટનાઓનું આલેખન આ પુસ્તકમાં થયું છે. જુદા જુદા લેખોના પાત્રો આપણને પ્રેરણા આપે છે. ત્યારે આંખમાંથી આંસુ ટપકી પડે છે.

ઈન્દિરાબેન અને સુરેશભાઈના પ્રયાસોથી અનેક લોકોના જીવન બદલાયા છે. તે જાણી રાજી થવાય છે.

પ્રાપ્તિ સ્થાન : કુસુમ પ્રકાશન, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, જીપીઓ પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોન - ૯૮૭૯૧૪૭૯૩૩

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ થી ચાલુ)

અંગ્રેજોનો પ્રદેશ ઠંડો છે તેથી તેમના પહેરવેશમાં કોટ-પેન્ટ-ટાઈ અને શૂઝ છે. આપણો પ્રદેશ ગરમ છે તેથી આપણો પહેરવેશ તેનાથી વિપરીત જ હોય. આટલું સમજવાને બદલે આપણે અનુકરણમાં પડી ગયા. ત્યાંનું હવામાન એવું છે કે તમારે ગુડમોર્નિંગ અને ગુડ ઇવનિંગની શુભેચ્છા એકબીજાને પાઠવવી પડે. આપણે ત્યાં બધી જ સવારો સુંદર હોય છે અને તડકો ભરપૂર હોય છે. તેમ છતાં આપણે એવું વીશ કરવામાં પડી ગયા!

સરકારી ઉચ્ચ નોકરીઓ માટે સ્પર્ધા કરતા યુવાવર્ગને સફળતા પ્રાપ્ત થાય તેવી તાલીમ આપવા જવાનું થાય છે. વાતાવરણ જ એવું ઘેરાયેલું છે કે રામ રામ, નમસ્તે કે જેશીકૃષ્ણ કહેવાને બદલે અમારે ગુડમોર્નિંગવાળી એટીકેટ ચાલુ રાખવા જ કહેવું પડે છે! એટીકેટથી ઊલટા ચાલવામાં જોખમ છે. હિંમતપૂર્વક તે લઈ પણ શકાય. પણ નોકરી ગુમાવવાની વાત તો જ પોષાય. એટીકેટનું આવું છે.

(સાભાર : વિ-વિદ્યાનગર)

# બહેનો અને બાપુ

- ડૉ. પ્રવીણ મકવાણા 'ગાફેલ'

વિશ્વ મહિલા દિવસે આપણે પોતાના ઘરથી જ મહિલા ઉન્નતિની શરૂઆત કરવી જોઈએ. સમાજમાં માત્ર વાતો કરવાથી નહિ પણ કામ કરવાથી જ મહિલાઓને ઉચ્ચ સ્થાન મળશે. પ્રસ્તુત લેખમાં નાનકડો ગાંધીજીનો પત્ર સૌને અનોખી પ્રેરણા આપે છે.

બહેનોની ઉન્નતિમાં બાપુએ પ્રથમથી જ રસ લઈ તેઓને દોરવણી આપેલી. સમાજમાં માનભર્યું સ્થાન અપાવ્યું. ઘરની દિવાલોમાં ગોંધાઈ રહેલી તે પ્રચંડ સ્ત્રી-શક્તિને દેશસેવાનાં પ્રત્યેક કાર્યમાં હિસ્સો અપાવી તેમનાં પ્રગતિનાં દ્વાર ખોલી નાખ્યાં. બહેનોમાં એક અનેરું ચેતન આવ્યું અને તેથી સર્વ પ્રકારની સ્ત્રીઓ સંકટ અને મૂંઝવણને પ્રસંગે બાપુજી પાસે દોડી જતી. બહેનોનાં જીવનને એકેય પ્રશ્ન એવો નહોતો જે તેમની ઈચ્છા હોય તો તેઓ બાપુની સાથે પૂરેપૂરી છૂટથી ને કશા પણ અંતરપટ વિના ચર્ચી ન શકી હોય. આશ્રમની બહેનો ઉપર બાપુએ લખેલા આવા પત્રો દરેક બહેનને માર્ગદર્શક થઈ પડે એવા છે.

યરવડા મંદિર ૨૮-૩-૩૨

ચિ. .....

બહેનો વિશે મેં તને કદી લખ્યું નથી. આ વેળા મન થયું છે. બહેનો કોઈ પણ સામાજિક હેતુથી સાથે મળતી જણાતી નથી એટલે સંઘ તૂટી ગયો છે. આ બાબત બહેનોને લખ્યું તો છે પણ મારું કંઈ વળ્યું લાગતું નથી. સાથે મળીને કામ કરવાની, જવાબદારી લેવાની શક્તિ આવવી જોઈએ. તને હિંમત અને આત્મવિશ્વાસ હોય તો તું આ કામ હાથ ધરજે. જો ધારે તો હારવું જ નથી એ નિશ્ચય કરીને ધરજે. આપણી પાસે બધી અનુકૂળતા આવી પડે તો જ કરીએ એ કર્યું ન કહેવાય. ગમે તે લાકડાના કકડામાંથી સુથાર આકાર ઘડે છે. ગમે તે પથ્થરમાંથી સલાટ મૂર્તિ ઘડે છે. તેમ જ ગમે તેવાં માણસોની સાથે રહેતાં ને તેમની પાસેથી કામ લેતાં આપણને આવડે ત્યારે જ માણસાઈ ગણાય. મને તો લાગે છે કે આપણને એ જ આ જગતમાં શીખવાનું છે. ને તેને સારુ આપણામાં સાગરની ઉદારતા હોવી જોઈએ. કોઈને મળતાં જ તેના દોષો જોઈ ડરવા માંડીએ તો કામ બગડે જ. દોષો તો છે જ, આપણામાં ને સામેનામાં. તેમ છતાં મળવું છે એ નિશ્ચય હોય તો જ કામ પાર ઉતરે. આ બહુ કઠણ કામ છે એ હું જાણું છું. ઘણાં વર્ષોનો મારો તો એ જ ધંધો છે, પણ હું પાર ઉતર્યો છું એમ ન કહી શકું. થોડીક સફળતા મળી લાગે છે એટલે બીજાંઓને દોરવાની હિંમત કે ધૃષ્ટતા કરું છું.

હવે તને યોગ્ય લાગે તેમ કરજે. આ કાગળ બહેનોની પાસે મૂકવો હોય તે મૂકી શકે છે,

બાપુના આશીર્વાદ.

# આવા હતા એ શિક્ષિકા

- અશોક સોમપુરા

નામ એમનું કાન્તાબહેન. સદ્ભાવ જાગે એવો ચહેરો. બેઠી દડી. લાંબા વાળ. સફેદ સાડીમાં સજ્જ એ બહેન જ્યારે શાળાના પરિસરમાં દાખલ થાય ત્યારે ત્યાં હાજર સૌ વિદ્યાર્થીઓ રાજી રાજી થઈ જતા. અભ્યાસમાં હોંશિયાર હોય કે નબળા હોય, તમામ વિદ્યાર્થીઓની એ સર્વ પ્રકારે કાળજી લેતા. આથી જ તો એ સૌના માનીતા હતા. એમ કહેવાતુ કે શાળાના દરેક વિદ્યાર્થીઓને તેઓ ઓળખતા અને જરૂર પડ્યે તેમની સાથે સહકારથી વાત કરીને ઉપયોગી માર્ગદર્શન પણ આપતા. વિદ્યાર્થીઓ પણ તેમની સામે વિના સંકોચે હસતા હસતા જઈ શકતા. વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ વ્યક્તિગત ધ્યાન આપી દૂર કરતા. આ જ તો ખૂબ હતી તેમના વ્યક્તિત્વની.

એક દિવસની વાત છે. શાળાની રિસેસ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ ઝાંપા બહાર ઊભેલી ભજીયાની લારી પાસેથી ભજીયા લઈ ખાતા હતા. શિક્ષકરૂમની બારીમાંથી કાન્તાબહેને આ છોકરાઓને ભજીયા ખાતા જોયા. થોડીવાર પછી બીજા કેટલાક પણ ત્યાં લાઈનમાં ઊભા રહ્યા. આ દૃશ્ય જોઈ કાન્તાબહેનને ભારે દુઃખ થયું. બીજા દિવસે તેમણે આ વિદ્યાર્થીઓને વર્ગમાં લાઈનમાં ઊભા રાખ્યા. પછી કહ્યું. આ મિત્રોને ભજીયા બહુ ભાવે છે. શું તમારા ઘેર ભજીયા બનતા નથી?

એ પછી સૌના આશ્ચર્ય વચ્ચે તેમણે જાહેર કર્યું કે આવતી કાલે મારા તરફથી અહીં સૌ માટે ભજીયા બનાવવામાં આવશે. આપણે સૌ શુદ્ધ તેલમાં બનાવેલ ભજીયા સાથે બેસીને ખાઈશું. સૌ વિદ્યાર્થીઓ રાજી રાજી થઈ ગયા.

બીજા દિવસે શાળાના કમ્પાઉન્ડમાં એક રીક્ષા આવીને ઊભી રહી. કાન્તાબહેન તેમાંથી ભજીયા બનાવવાની બધી સામગ્રી સાથે ઉતર્યા. સૌના સાથ સહકારથી તેમણે સરસ ગરમ ગરમ ભજીયા ઉતાર્યા. સૌ વિદ્યાર્થીઓએ હોંશે હોંશે તે ખાધા.

ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યા કે આપણે સૌએ શુદ્ધ અને સાત્વિક ખોરાક જ ખાવો જોઈએ. બહારનું ખાવાથી આપણું શરીર બગડે અને આપણે માંદા પડીએ. આથી ખાવામાં ખૂબ જ સાવધાની રાખવી. આ રીતે તેમણે આરોગ્ય જાળવવાની ઉપયોગી સલાહ આપી અને તે માટેની પ્રતિજ્ઞા પણ લેવરાવી.

હજી આજે પણ એ વિદ્યાર્થીઓના માનસપટ ઉપરથી એ દિવસ વિસરાયો નથી કે ભજીયાની સુગંધ ગઈ નથી.

આવા હતા એ શિક્ષિકા બહેન!

# મૂઠી ઊંચેરા માનવી - મોતીભાઈ ચૌધરી

- મનુભાઈ જે. પટેલ

जानान्ति के चिद नतु क र्तुमीशाः।
क र्तु क्षमः येन यत्ते विदन्ति।
जानन्ति तत्त्वं प्रभवन्ति क र्तुन्।
ते को अपि लोके विरला भवन्ति।

ઘણા લોકો જાણકાર હોય છે, પરંતુ તે કરી શકતા નથી, જ્યારે ઘણા ભાઈઓ કરવા માટે સમર્થ હોય છે પણ કંઈ જાણતા નથી. જીવનનું તત્ત્વ જાણે અને તે પ્રમાણે અમલમાં મૂકે તેવા માણસો વિશ્વમાં બહુ વિરલ હોય છે. આવી વિરલ વ્યક્તિ છે શ્રી મોતીભાઈ ચૌધરી. ગાંધીમૂલ્યોને જીવનમાં આત્મસાત્ કરીને જીવનકાર્ય ગોઠવ્યું છે. પરિણામે તેઓશ્રીએ જે કાર્ય હાથમાં લીધું તેને હેતુપૂર્ણ રીતે પાર પાડી શકે છે. આઝાદી-પ્રાપ્તિના સમયમાં આદર્શોની અનુભૂતિ લગભગ દરેક વ્યક્તિમાં હતી. પરંતુ આઝાદી પછીની સમાજ/રાજ્ય વ્યવસ્થામાં ગાંધીમૂલ્યો વીસરાતાં ચાલ્યાં. વારતહેવારે ગાંધીમૂલ્યોની દુહાઈ દેવાય છે. પણ વાસ્તવિક જીવનમાં ગાંધીમૂલ્યો સાવ વીસરાતાં ચાલ્યાં. આવા વિપરીત સંજોગોમાં પણ સમાજ અને દેશમાં એવી વ્યક્તિઓ આજે હયાત છે કે જેઓ ગાંધીમૂલ્યો પ્રમાણે જ જીવન વ્યવહાર સહજતાથી કરે છે. આવી વિરલ વ્યક્તિઓ જ સમગ્ર સમાજ અને દેશ માટે આશ્વાસન અને આદર્શનું સ્થાન બની રહે છે. ગુજરાતમાં શ્રી મોતીભાઈ ર. ચૌધરી આપણા સૌ માટે પ્રેરણા સ્રોત બની રહ્યા છે.

**સાચા શિક્ષણશાસ્ત્રી**

સમાજ પરિવર્તન માટે શિક્ષણ અનિવાર્ય અંગ મનાયું છે. મેકોલોએ ચીતરેલી શિક્ષણ પદ્ધતિ નહિ પણ પૂજ્ય બાપુએ નિર્દેશેલી બુનિયાદી શિક્ષણ પદ્ધતિ. આ શિક્ષણ પદ્ધતિમાં ખેતી/પશુપાલન, કાંતણ, વણાટ, સુથારી કાર્ય જેવાં રચનાત્મક કાર્યોનો સમાવેશ કરીને શ્રી મોતીભાઈએ ૧૯૫૬માં પ્રતાપનગર મુકામે ગ્રામ્ય બાળકો માટે નિઃશુલ્ક છાત્રાલય શરૂ કર્યું. ૧૯૫૮માં ગ્રામભારતીની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો અને ગ્રામવિદ્યાપીઠ જેવી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓનું સર્જન થયું. નદીનાં કોતરોને નવસાધ્ય કર્યાં. ખેતીવાડીના નૂતન પ્રયોગો અને પશુપાલન, ડેરીવિજ્ઞાન વિકસાવ્યું. આજે હજારો છાત્રો/છાત્રાઓ સમાજ ઉપયોગી શિક્ષણકાર્ય લઈને સાચા સમાજસેવાના કાર્યમાં પ્રતિવર્ષ જોડાય છે. આ કાર્યમાં શ્રી ઈશ્વરભાઈ શિ. પટેલ, શ્રી ઘેમરભાઈ ચૌધરી જેવા નિષ્ઠાવાન આચાર્યો પણ જોડાયા હતા. પરિણામે આજે ગ્રામભારતી સંસ્થા યુવક ઘડતર અને સાચા શિક્ષણ માટેનું તીર્થસ્થાન બની શકી છે. આના સર્જન અને સંવર્ધનમાં શ્રી મોતીભાઈએ અને શ્રી ઈશ્વરભાઈએ પાયાના પથ્થર તરીકે કાર્ય કર્યું છે અને આજે પણ એ જ દૃષ્ટિથી સત્ત્વશીલ વિકાસ માટે સતત પ્રયત્નશીલ

રહેતા દેખાય છે.

**સહકારી પ્રવૃત્તિના પ્રાણ**

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પ્રબોધેલી ટ્રસ્ટીશીપની ભાવના શ્રી મોતીભાઈએ ચરિતાર્થ કરી છે. વિકાસશીલ સહકારી સંસ્થાઓમાં સૌને જવાબદારી સોંપવી અને નફો પણ સૌમાં વહેંચાય અને સહકારી સંસ્થાઓ સમૃદ્ધ બનતી રહે એ જ દૃષ્ટિથી કાર્ય કરે છે. દૂધસાગર ડેરીનું સર્જન માનસિંહભાઈ અને સાંકળચંદભાઈ જેવા વડીલોએ કર્યું. પણ તેનું સંવર્ધન અને સર્વોચ્ચ વિકાસના સાચા શિલ્પી તો શ્રી મોતીભાઈ અને તેમના સહકાર્યકરો છે. તેઓશ્રીના મનમાં દૂરના ગ્રામ સમાજના પશુપાલકનું હિત જ વસેલું છે. પરિણામે પશુપાલન જોડિયો કે ગૌણ ધંધો મટીને હવે મુખ્ય ધંધો બની ગયો છે. પશુપાલન ગ્રામસમાજની સાચી કરોડરજ્જુ બની ગયો છે. આજે મહેસાણાના લગભગ પ્રત્યેક ગામમાં ડેરીનું અદ્યતન મકાન બંધાયું છે. વૈજ્ઞાનિક રીતે પશુપાલન માટેની ચીવટ, દોરવણી અને માર્ગદર્શન ડેરીના પશુ ચિકિત્સકો દ્વારા ખૂબ જ ઝીણવટથી અપાય છે. ગામમાં ડેરી સમૃદ્ધ બને એટલે ગામની અન્ય સંસ્થાઓ અને વિકાસનાં કાર્યો સરળતાથી થઈ શકે છે. શ્વેતક્રાંતિ દ્વારા શ્રી મોતીભાઈએ સમાજમાં આર્થિક સ્થિરતા, સ્વસ્થ જીવનધોરણ અને સહકારની ભાવના વિકસાવી છે. દૂધસાગર ડેરીએ સમગ્ર દેશ અને દુનિયામાં પોતાની સફળ સહકારી પ્રવૃત્તિઓથી ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ડેરીના વહીવટ અને વિકાસમાં ખૂબ જ ઝીણવટથી ચકાસવાની શ્રી મોતીભાઈની ટેવને પરિણામે સક્ષમ અને આદર્શ વહીવટ થઈ શક્યો છે.

**મૂલ્યનિષ્ઠ જીવન-ઘડવૈયા**

જિલ્લા/રાજ્ય સેવાદળ દ્વારા શ્રી મોતીભાઈએ અને શ્રી માકુસિંહ સુવર્ણકારે અમારા જેવા યુવાનોને સમાજસેવા, રાષ્ટ્રીયભાવના અને ગાંધીમૂલ્યોને સાકાર કરવાની પ્રેરણા આપી છે. આવા યુવાનો આજે જ્યાં જ્યાં કાર્ય કરે છે ત્યાં આગવી પ્રતિભા અને પ્રામાણિકતાથી વિશિષ્ટ સેવાકાર્યો સંપન્ન કરતા દેખાયા છે. અમરાપુરની સ્થાપનાનું વર્ષ હતું. સંસ્થાના પાયા ખોદાતા હતા. તે વર્ષોમાં હું શેઠ જી.સી. હાઈસ્કૂલ પિલવાઈમાં શિક્ષક તરીકે કાર્ય કરતો હતો. મુ. શ્રી મોતીભાઈ ઘણીવાર પિલવાઈ આવે. અમરાપુર જવા માટે રેલવે માર્ગે લીંબોદ્રા સ્ટેશને જવું પડે. પિલવાઈ શાળાથી પિલવાઈ રોડ રેલવે સ્ટેશન ત્રણેક કિલોમીટર દૂર. ગાડીનો સમય થયેલો. ખૂબ ઝડપથી ચાલતાં ચાલતાં પિલવાઈ સ્ટેશને આવ્યા ત્યાં તો ગાડી ઊપડી. દોડતી ગાડીમાં લગભગ છેલ્લા ડબામાં મુ. શ્રી મોતીભાઈ અને હું દોડતાં દોડતાં ચડી ગયા. ટિકિટ લેવા જઈએ તો ગાડી ચૂકી જવાય તેવું હતું. લીંબોદ્રા સ્ટેશને ઊતરીને નિરાંતનો શ્વાસ લીધો. શ્રી મોતીભાઈએ મને બે ટિકિટ લીંબોદ્રાથી પિલવાઈની લઈ આવવા આદેશ કર્યો. મને મૂંઝવણ થઈ કે હાલ તો પરત જવાનું નથી તો પછી આવી ટિકિટ લાવવાનું શું પ્રયોજન હશે. આદરભાવે ટિકિટો લાવીને મોતીભાઈને આપી. તેમણે તે ટિકિટો સહજતાથી ફાડી નાખીને મને કહ્યું કે આવતાં કારણવશાત્ ટિકિટો ન લેવાઈ જેથી ટિકિટો લઈને રેલવેને

થયેલ નુકસાન હવે સરભર થઈ ગયું. આ નાનકડો પણ મહત્ત્વનો પ્રસંગ મારા ચિત્ત પર સદા અંકિત થઈ ગયો. અને શ્રી મોતીભાઈના પ્રામાણિકતા અને આચારશુદ્ધિના આદર્શો મારા જીવનપથદર્શક બની રહ્યા છે. આવું મૂલ્યનિષ્ઠ અને પારદર્શક વ્યક્તિત્વ મોતીભાઈ ધરાવે છે.

**સર્વોદયના ઉપાસક**

પૂ. મહાત્મા ગાંધીજીએ કહેલું કે મારું કાર્ય એ જ મારો જીવન સંદેશો છે. તેમ મોતીભાઈના જીવનમાં પણ વિચાર અને વર્તનનો સુભગ સમન્વય છે. ગ્રામવિકાસનાં કાર્યો હોય કે સર્વોદયની ગ્રામસ્વરાજ્યની પદયાત્રા હોય, શિક્ષણ સંસ્થાનું સંવર્ધન હોય કે સમાજને ઉપયોગી રચનાત્મક કાર્ય હોય તેમાં શ્રી મોતીભાઈનું વિશિષ્ટ માર્ગદર્શન અને સહયોગ હોય જ. આજના ભૌતિક યુગ અને સ્વવિચારના વિપરીત સંજોગોમાં પણ સર્વોદયની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં ડૉ. દ્વારકાદાસ, શ્રી રામુભાઈ અને શ્રી મોતીભાઈ, શ્રી રિખવદાસ જેવા વડીલ કાર્યકરોની ઉપસ્થિતિ હોય જ. સમાજના વિકાસની દરેક પ્રવૃત્તિમાં અને સર્વોદયની એક એક પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શ્રી મોતીભાઈનો પ્રેરક સહયોગ મળતો રહ્યો છે. પરિણામે આર્થિક ટાંચાં સાધનોની ઉપલબ્ધિવાળાં ગામોનાં વિકાસકાર્યોમાં પણ પ્રશસ્ય માર્ગદર્શન અને સહકાર હંમેશાં આપતા દેખાય છે. ઢીલાપોચા થતા કાર્યકરોમાં પ્રેરણા હંમેશાં પૂરી પાડતા દેખાયા છે. શિસ્તપાલનના આગ્રહી છે. જેથી સ્વભાવે કડક લાગે પણ હૃદયથી ખૂબ જ પ્રેમાળ અને કોમળ છે. અદના કાર્યકરની મુશ્કેલીને પોતાની ગણીને તેને સહજતાથી મદદરૂપ બને છે. પરિણામે શ્રી મોતીભાઈ સમક્ષ સૌ કોઈ પોતાની મુશ્કેલી રજૂ કરવા પ્રેરાય અને વત્સલતાથી શ્રી મોતીભાઈ તેનું સમાધાન કે ઉપાય પણ દર્શાવે, અને હેતુપૂર્ણ રીતે સમસ્યાનું નિરાકરણ કરી આપે છે. ગ્રામસમાજ અને આમ આદમીની સાથે રહેવાથી અને તેની સાથે સમરસ થઈ જવાથી શ્રી મોતીભાઈમાં સૌને પોતાના આત્મીયજનનું દર્શન થાય છે.

**સત્ત્વશીલ રાજકર્તા**

શિક્ષણશાસ્ત્રી અને કુશળ સહકારી કાર્યકર હોવા છતાં શ્રી મોતીભાઈ સત્ત્વશીલ રાજકીય વિચારધારા ધરાવે છે. સત્ત્વશીલ રાજકારણ દ્વારા રાજકર્તાઓ પ્રજા સમક્ષ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી શકે છે, પરિણામે પ્રજા પણ તેવો જ ઉદાત્ત પ્રતિભાવ આપીને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા પ્રેરાય છે. વિવિધ સમાજ વચ્ચે સંવાદ સાધીને સહકાર, સંપ અને એકતા સાધી શકે છે. જનતા સરકારના મંત્રીમંડળમાં જાહેર બાંધકામ જેવા મહત્ત્વના વિભાગના પ્રધાન તરીકેની શ્રી મોતીભાઈની કામગીરી ખૂબ જ પ્રશસ્ય રહેવા પામી હતી. તુમારમાં અટવાયા સિવાય સ્થળ ઉપર જઈને તલસ્પર્શી અભ્યાસ કરીને સમાજને ફાયદો થાય તે રીતે જાહેર નાણાંનો ઉપયોગ ખૂબ જ ચોકસાઈથી કરતા હતા. પરિણામે કાર્યો હેતુપૂર્ણ રીતે પાર પાડ્યાં અને પ્રજાહિતનાં વિશેષ કામો થયાં. ધારાસભા અને લોકસભાના સદસ્ય તરીકેની કામગીરી પણ ખંતથી કરી છે. તેમને લખેલા

નાના પોસ્ટકાર્ડનો પણ પ્રત્યુત્તર તેઓ પાસેથી પ્રજાને મળેલો છે. સાદું જીવન અને સેવાયુક્ત ઉચ્ચ વિચારધારા શ્રી મોતીભાઈના જીવનનું પ્રતિબિંબ છે.

**સેવા એ જ જીવનમંત્ર**

શ્રી મોતીભાઈ સ્વભાવે સરળ, સહિષ્ણુ, સેવાભાવી અને ચિંતનશીલ છે. સમાજસેવા અને રાષ્ટ્રસેવા શ્રી મોતીભાઈના જીવનનો પ્રાણ છે. ગ્રામમાનવ અને સમાજના છેવાડા માનવીની સેવા અને માનવમૂલ્યોનું સંવર્ધન એ જ તેમનો જીવનમંત્ર છે. પરિણામે શ્રી મોતીભાઈ ગમે તે પ્રવૃત્તિઓ હાથ પર લે ત્યારે તેનો મહત્તમ ફાયદો ગ્રામજનોને જ મળે તેવી ગોઠવણ વિચારે છે. જેથી શ્રી મોતીભાઈ સમગ્ર સમાજમાં સૌને પ્રિય થઈ પડ્યા છે. શ્રી મોતીભાઈ સાચા અર્થમાં ગુજરાતના 'મોતી' જ છે. તેઓ સમગ્ર ગુજરાતની અમૂલ્ય મૂડી છે. આ મૂડીની સાચવણી જનતાએ કરવાની છે. શ્રી મોતીભાઈ નિરામય દીર્ઘ આયુષ્ય ભોગવે અને તેઓશ્રી દ્વારા સમાજ/દેશની સેવા થતી રહે તેવી અભ્યર્થના છે. શ્રી મોતીભાઈ સમાજની દીવાદાંડી રૂપ છે. એ દ્વારા સૌને માર્ગદર્શન અને પ્રેરણા સતત મળતી રહેશે એવી શ્રદ્ધા છે.

કવિશ્રી લલિતજીએ આવા મહાનુભાવોના જીવનને દિવ્ય સ્વરૂપ ગણીને નીચેની પંક્તિઓ દ્વારા તેમની જીવનશૈલીને બિરદાવી છે :

''જન્મે ત્યાંથી પરહિત કરે, સ્વાશ્રયે શીખી સેવા,
જીવ્યા સુધી પરમાર્થ રહે સ્વાર્પણે સો'ય સેવા,
જેવા તેવા રહી જીવિતને આમ ઉજાળનારા,
એવાને તો સુરપદ ઘટે, તે ઘટે દેવપૂજા.''

'ઉત્તર ગુજરાતનું મોતી'માંથી સાભાર.

❀ ❀ ❀

**પાયો**

લોકતંત્રનો સાચો પાયો શો છે, તેમજ એ પાયો આપણા લોકતંત્રમાં કેટલે અંશે છે, એ જાણવું જરૂરી છે.

લોકતંત્રમાં કોઈ મહત્ત્વનો આધાર હોય તો તે, પ્રત્યેક વ્યક્તિએ પોતાના સ્વાર્થને સમષ્ટિના કલ્યાણમાં જતા કરવા તેમજ પોતાની શક્તિઓને સમષ્ટિના હિતમાં વાપરવી તે છે.

આખા ઈતિહાસકાળ દરમિયાન દેખાતી દેશની ગુલામી મનોવૃત્તિના મૂળ કારણની જો આપણે શોધ કરીશું, તો એ જણાયા વિના નહીં રહે કે એકંદર ભારતીય પ્રજામાં સમષ્ટિ-હિતની સાચી સમજણને બદલે વૈયક્તિક સ્વાર્થની વૃત્તિ જ પ્રધાનપણું ભોગવતી રહી છે, અને તેણે જ બધો સર્વનાશ નોતર્યો છે.

મૂડીવાદીઓની દૃષ્ટિ, અમલદારોની સાચી જવાબદારી પ્રત્યે બેપરવાઈ, વ્યાપારીઓની વિદેશી વસ્તુઓના દલાલ બનવાની કુટેવ અને કેળવણીના ક્ષેત્રમાં કામ કરતાં તેમજ લોકમત કેળવવા પત્રો ચલાવતા વર્ગની માત્ર અંગત લાભની દૃષ્ટિએ થતી પ્રવૃત્તિ...

- એ બધું જ્યારે વિચારું છું, ત્યારે મારી સાદી સમજણને એમ ચોક્કસ લાગે છે કે લોકરાજ્ય સ્થપાયું છે, બંધારણ ઘડાયું છે, તેના ઉત્સવો ઉજવાય છે, પણ ખાટલે મોટી ખોટ કે નક્કર પાયો જ નથી. એટલે કે ઉદ્યોગપતિ, અમલદારો, સંસ્કારી ગણાતા વિદ્વાનો - એ બધા લોકો રાજ્યને ઉપકારક થાય તેવી સમષ્ટિ-હિતની દૃષ્ટિએ કામ કરતા નથી.

('રોજેરોજની વાચનયાત્રા'માંથી)
- સુખપાલ સંઘવી

❀ ❀ ❀

# બાળકોને સહનશીલ અને ખડતલ બનાવો

- બી. જી. કાનાણી

આજના સમયમાં વાલીઓ બાળકોને જરૂર કરતાં વધારે સગવડતાઓ આપે છે. બાળકોને જરાપણ મુશ્કેલી ન પડે તેની અતિશય કાળજી રાખે છે. લાગણીના અતિરેકમાં બાળકોની જરૂરિયાતને બદલે વાલીઓ બધી જ અપેક્ષાઓ પૂરી કરે છે. તેથી બાળકો વધારે જીદ્દી અને હઠીલા બની જાય છે. આપણી જીવન શૈલી (life style) એવી બની ગઈ છે કે જરા સરખી તકલીફ બાળકને ખૂબ જ મોટી લાગે છે. બાળકને મુશ્કેલી અનુભવવાની, સહન કરવાની કે સંઘર્ષ કરવાની તક જ આપણે આપતા નથી. મુશ્કેલી સહન કરવાથી જ બાળક ખડતલ અને સહનશીલ બની શકે છે. પરિણામે શારીરિક રીતે કઠોર કે ખડતલ બનવાને બદલે નમાલા, અસહનશીલ અને ડરપોક બની જાય છે. પરિસ્થિતિ પ્રમાણે અનુકૂળતા સાધવાની તેમને તક જ આપણે આપતા નથી. પરિણામે બાળકો ભીરુ અને બિચારા, નમાલા બનતા જાય છે. દેખાવમાં રૂડા-રૂપાળા તંદુરસ્ત દેખાતા બાળકને ઉઠકબેઠક કસરત, દંડ, સૂર્યનમસ્કાર કરવામાં ઘણી તકલીફ જણાય છે. તેનો વાલીને અનુભવ જ નથી. તેની વાલીઓને ખરાઈ કરવા વિનંતી. સામાન્ય રીતે નાનાં બાળકો વડીલોનું અનુકરણ કરતા હોય છે. વાલીઓ સાથે બાળકો પણ ટી.વી. સિરિયલો જોતા હોય છે. જાણે અજાણે બાળકો તેની નકલ કરવા પ્રેરાય તે સ્વાભાવિક છે. યોગ પ્રાણાયામના કાર્યક્રમો પણ ટીવીમાં આવતા હોય છે. વાલીઓ તેવા કાર્યક્રમો જોવામાં રસ લે તો સાથે બાળકો પણ અનુકરણ કરવાના. તેમાંથી એ અનુકૂળ અંગ કસરતના પ્રયોગો વાલીઓ કરે તો બાળકો અનુકરણ કરવાના જ છે.

કેટલી શાળામાં રમતના મેદાનો છે? મેદાન હોય તો નિષ્ઠાવાન વ્યાયામ શિક્ષકો નથી. આ બધું જ હોય તો પણ આજના સ્પર્ધાત્મક યુગમાં શાળાની પસંદગીની રમતોમાં જ સિલેક્ટેડ બાળકોને રમાડવામાં આવે છે. દરેક બાળકને રમવાની તક મળતી જ નથી. એપાર્ટમેન્ટ રહેણાંકમાં પાર્કિંગ વાહનોથી ગ્રાઉન્ડફ્લોર ભરચક જ હોય છે. શેરી, રોડમાં સતત વાહનોની અવરજવરમાં બાળકોને અંગકસરત કરવાની તક જ આપણે આપતા નથી. આ સામાન્ય લાગતી પણ સમાજની ભયાનક સમસ્યા છે. તો આ સમસ્યાનો ઉકેલ શું? બાળકોને ખડતલ અને સહનશીલ બનાવવા માટે શાળા પર આધારિત રહેવાના બદલે વાલીઓએ જાતે જ વિચારવું પડશે. આ સમસ્યાનો એક જ ઉકેલ છે ઘરમાં જ શક્ય તેટલી અંગકસરતો, યોગ-પ્રાણાયામ કરવા બાળકોને પ્રેરિત - પ્રોત્સાહિત કરો.

જાણે અજાણે વાલીઓ બાળકોને ખાવા-પીવામાં પણ અતિશય ચાંગલા બનાવે છે. તેથી સુંદર સ્થળોએ પ્રવાસ-પર્યટન વખતે પ્રકૃતિનો આનંદ માણવાને બદલે દુઃખ અનુભવતા હોય છે. આ લખનારને ગર્લ્સ હોસ્ટેલમાં છાત્રાઓને પસંદગીના ખોરાક, શાકભાજી રૂચિ અંગે ખૂબ જ દુઃખદ અનુભવ છે.મિષ્ટાન, ગોળ-ઘી, તાજા લીલી શાકભાજીની પસંદગી ઓછી, બટાકાનું શાક ખૂબ જ પસંદ પડે છે. તેથી ભોજનનો સંતોષ માણી શકતા નથી. સમતોલ આહારનો નિયમ પણ જળવાતો નથી. મા-બાપ બાળકોને અતિ હોંશિયાર-ચતુર બનાવવાની હોડમાં (સ્પર્ધામાં) સમજણ અને સંસ્કાર આપવાનું ભૂલી જાય છે. પરંતુ સુખી જીવન માટે હોંશિયારી કરતા સમજણ ખૂબ જ મહત્વની અને જરૂરી છે. “Understanding and wisdom are more important than cleverness.” સમજણ અને ડહાપણથી વ્યક્તિ તો સુખી થાય જ છે પણ કુટુંબ-પરિવારને પણ સુખી બનાવે છે. માટે વાલીઓએ બાળકોની જરૂરિયાત પૂરી કરવી જોઈએ પરંતુ જિદ્દ પૂરી કરવી જોઈએ નહીં. બાળકોને વસ્તુની કિંમત નહીં પણ મૂલ્ય સમજાવવું જોઈએ. જીવનશૈલી (lifestyle) દ્વારા બાળકોને કરકસરનુ, મહત્વ પણ સમજાવવું જોઈએ. સ્વાવલંબી, સ્વાશ્રયી અને આત્મનિર્ભર બનાવો કે જેથી ભવિષ્યમાં સ્વમાનભેર જીવી શકે. બાળકને હોંશિયાર બનાવવાની સ્પર્ધા ચાલે છે તેને બદલે સમજણ અને સંસ્કાર આપવાની સ્પર્ધા શરૂ થાય તો ધરતી પર સ્વર્ગનું સુખ માણી શકાય. આ લખનારના ૫૫ વર્ષના સમર્પિત શિક્ષણકાર્યના અનુભવે જણાયું છે કે દર વર્ષે સરેરાશ બાળકોની શારીરિક ક્ષમતા અને સમજણ ક્રમશઃ ઘટતી જાય છે. આ વ્યથા અને વેદના વાલીઓનું ધ્યાન દોરવા માટે ઠાલવી છે.

❀ ❀ ❀

કોઈ માણસને એક વિષયમાં નિષ્ણાત બનાવવો એ પૂરતું નથી. તેથી તે એક ઉપયોગી યંત્ર બને, પણ તે સર્વાંગી વ્યક્તિત્વ પ્રાપ્ત નહિ કરી શકે. એ માટે તે વિદ્યાર્થીએ મૂલ્યો માટે સાચી સમજ અને જીવંત ઊર્મિ કેળવવી ખાસ જરૂરી છે.

નવી ઊગતી પેઢીને શિક્ષણ આપવાનું કામ જેઓ કરે છે, તેમની સાથેના વ્યક્તિગત સંપર્ક દ્વારા જ આ કિંમતી વસ્તુઓ આપી શકાય છે, પાઠ્યપુસ્તકો દ્વારા નહિ!

હરીફાઈની પદ્ધતિ અને તરત જ ઉપયુક્ત બની શકે એવા હેતુવાળા અપરિપક્વ નિષ્ણાતીકરણ પર અજુગતો ભાર મૂકવાથી તો જેના પર સાંસ્કૃતિક જીવનનો આધાર છે તેના જ આત્માનો નાશ થાય છે.

જીવંત કેળવણી માટે એ જરૂરી છે કે નવા ઊગતા માનવમાં સ્વતંત્ર વિવેકશક્તિનો વિકાસ થાય. આજે તો તેના પર ઘણો જ અને ઘણા વિષયોનો ભાર નાખી, આ મૂળભૂત વિકાસનો જ ભોગ આપવામાં આવે છે. શિક્ષણ તો એવું હોવું જોઈએ કે તેને જે કંઈ આપવામાં આવે, તે એક મૂલ્યવાન બક્ષિસ લાગે, નહિ કે કડવી ફરજ.

- આઈનસ્ટાઈન

❀ ❀ ❀

# શાળા સમયના ફેરફારથી વિદ્યાર્થીઓમાં તણાવ ઘટશે

- ડૉ. નાનકભાઈ ભટ્ટ

ભારત સરકારના કેબિનેટ મિનિસ્ટરશ્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી શૈક્ષણિક નીતિને સાંકળી શાળા-મહાશાળામાં ભણતર માટે આધારભૂત બદલાવની જાહેરાત કરી છે.

બાળ કેળવણીકાર ગીજુભાઈ જેને યુનિવર્સિટી ગણાવતા તેવા મા-બાપ પાસે જ બાળક ૪ વર્ષ સુધી રહેશે. તે પછી ૫ થી ૧૧ વર્ષનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં અને પુસ્તકનાં ભાર વિના રાખવા નીતિ વિષયક જાહેરાત કરી છે. જે આવકારદાયી છે. પરંતુ નવી શૈક્ષણિક નીતિમાં શાળાના સમય બાબતે કોઈ દિશા નિર્દેશ નથી!!

જે ખાટલા ઉપર આ બધી તાગ-જાગ છે તેના પાયામાં રહેલા વિદ્યાર્થીઓ અને તેનાં મસ્તિષ્કની સ્થિતિનો પણ વિચાર થવો રહ્યો કારણ? કારણ કે હેનરી ફોર્ડ હેલ્થકેર ઈન્સ્ટીટ્યુટનાં સ્લીપ એક્સપર્ટ થોમસ રોથના તાજેતરના સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે, ''માણસ માટે ઊંઘના છેલ્લા સાડા ત્રણ કલાક સહુથી વધુ તાજગીપૂર્ણ હોય છે'' અને આપણા સહુનો અનુભવ પણ એવો રહ્યો છે કે વહેલી પરોઢની ઘસઘસાટ ઊંઘ પછીની સવાર આનંદદાયક અહેસાસ આપી જાય છે.

યુનિવર્સિટી ઑફ સાઉથ એશિયાના મનોવિજ્ઞાનીઓ જેને બ્રેઈન વેવ ડેમેજની સ્થિતિ કહે છે તેને આપણી સમજમાં કાચી ઊંઘ તરીકે જાણીએ જ છીએ. આવી અધુરી નિંદ્રા એટલે રાત્રે સાડા દસ-અગિયારે પથારીમાં સૂવા જતા વિદ્યાર્થીને સવારે આઠ પહેલા જગાડી દઈએ અને શાળા માટે તૈયાર કરી વાહનમાં બેસાડી દેવામાં આવે છે. ત્યારે મસ્તિષ્કમાં રહેલ માહિતીને જ્ઞાન (કાયમી યાદદાસ્ત)માં સ્ટોર કરવાનો પ્રવાહ ખોરવાઈ જાય છે. માનવ મસ્તિષ્કની ઘડિયાળનું મનોવિજ્ઞાન જણાવે છે કે આઠ કલાકની ઊંઘ પછી બ્રેકફાસ્ટ થકી જ મસ્તિષ્કની ગ્રંથિઓ એક્ટિવ થાય છે અને બાળક નવી માહિતી શીખવા - સ્વીકારવા તત્પર બને છે.

શાળા એ માહિતીની આપ-લેનું સબળ માધ્યમ છે. અને નવી શિક્ષણ વ્યવસ્થામાં તાલીમના માળખાની સાર-સંભાળ લેવા કાળજી દાખવેલ છે. પરંતુ શાળાની ચાર દીવાલો વચ્ચે રહેતા વિદ્યાર્થીના મન પ્રત્યે કાળજી લેવાઈ નથી.

સવારની અધુરી ઊંઘમાં બાળકને જગાડી પોષણયુક્ત આહાર આપ્યા વિના જ સવારે ૬:૩૦ એ શાળા માટે ધકેલી આપનાર મા-બાપ માટે ચેતવણીરૂપ સંશોધન કરતાં પ્રેન્સેન્વેલીયાના મનોવિજ્ઞાની લોરેન વુડી જણાવે છે કે ''કિશોરાવસ્થામાં શરીરની સ્થૂળતા અને ડાયાબીટિસના લક્ષણોનું એક મુખ્ય કારણ બ્રેઈન અને લીવરના સંયોજનની ખામી છે. માનવ મસ્તિષ્કની આંતરિક ઘડિયાળ ખોરવાઈ જવાના લીધે વિદ્યાર્થીઓની

ગ્રહણશક્તિ અને વિષયલક્ષી સ્થિરતા ઘટી જાય છે. સાથોસાથ શારીરિક ક્ષમતા પણ નબળી પડતી જાય છે.''

શિક્ષણના માધ્યમથી નવી પેઢી જવાબદાર બને અને નવી શિક્ષણનીતિના સહારે યુવાનો આત્મનિર્ભર બને તેવા સુચારુ ઉદ્દેશને આગળ કરવા માળખાકીય સાથે શાળા સમયને જોડવું હવે અનિવાર્ય બન્યું છે. શાળામાં બાળકોના બદલાતા વર્તન અંગે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ૮૦૦ શિક્ષકો સાથેના ઈન્ટરવ્યુથી ફલિત થાય છે કે નવી પેઢીમાં જોવા મળતી અ-સહિષ્ણુતાનું કારણ પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા છે.

શહેરીકરણ અને નાના ઘરો વચ્ચે માતા-પિતાને મળવી જોઈતી પ્રાઇવસીનો અભાવ, અસહ્ય મોંઘવારી વચ્ચે જરૂરિયાતોને પહોંચી વળવા માતા-પિતા બંનેની આર્થિક પ્રવૃત્તિઓ અંગ્રેજી માધ્યમના બજારુ પ્રભાવ સાથે પ્રચલિત મોંઘી શિક્ષણ વ્યવસ્થા શહેરીકરણ અને ગીચ આવાસોને લીધે કિશોરઅવસ્થાના શારીરિક વિકાસ માટે અનિવાર્ય મેદાની રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનો ઘટતો અવકાશ સાથોસાથ ટીવી, મોબાઈલ જેવી ડિજીટલ એરેસ્ટની પરિસ્થિતિ વચ્ચે બાળકો સાથેનાં મા-બાપના પ્રત્યક્ષ આદાન-પ્રદાનના સમયમાં ઘટાડાને લીધે આજે ભારત જેવા ૮૦૦૦ વર્ષની સાંસ્કૃતિક ધરોહર ધરાવતા દેશમાં પણ સામાજિક મૂલ્યોનું માળખું તૂટી રહ્યાનું સ્પષ્ટ રીતે જોવા મળે છે. નવી પેઢી વારસામાં સંસ્કાર ગ્રહણ કરી રહી નથી. તે પ્રત્યે પણ વર્તમાન વિજ્ઞાનીઓના અવલોકનો નજર-અંદાજ કરી શકાય તેમ નથી.

અને આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં શાળાનો સમય વધુ બગાડ કરનાર સાબિત થઈ રહ્યો છે. અને પરિણામે શિક્ષણમાં થતું આર્થિક રોકાણ પરિણામલક્ષી બની રહ્યું નથી. એટલું જ નહીં પણ ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએશન જ સ્વયં લાયકાત રહેતી તેના સાથે સરકારે જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., ટાટ પ્રકારે આખી આલ્ફાબેટ સમાઈ જાય તેવી પરીક્ષાઓ વિદ્યાર્થીઓ પાસ કરે તેવી વ્યવસ્થાઓ વિકસાવવી પડી છે.

ત્યારે ઉપાયે હવે શાળાનો સમય સવારે ૧૦ થી ૩નો કરવો રહ્યો. દેશનાં આઈ.ટી. હબ ગણાતા બેંગલુરૂ અને હૈદરાબાદમાં આ પ્રયોગ થકી દેશના અન્ય રાજ્યો કરતાં કર્ણાટક, આંધ્ર અને કેરલમાં વિદ્યાર્થીઓનાં આઈ.ક્યુ.માં સરેરાશ ૭%નો વધારો જોવા મળ્યો છે. અને રાષ્ટ્ર સંચાલનમાં સર્વોચ્ચ ભૂમિકા ભજવતા આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.સી.સી., આઈ.એફ.એસ. પ્રકારની ઉચ્ચ સેવાઓમાં દક્ષિણ ભારત પ્રભાવશાળી રહ્યાનું પ્રમાણ જોવા મળે છે.

નવી શિક્ષણ નીતિમાં શાળા સમયને સુધારવાનું ભલે રહી ગયું હોય પરંતુ શાળા સંચાલકો પોતાની શાળા પૂરતો પ્રયોગાત્મક રીતે પણ એક ફેરફાર કરે તો શાળાના સવારના ૧૦ના સમય પહેલા વિદ્યાર્થીને પૂરતી ઊંઘનો મનોવૈજ્ઞાનિક ઉપહાર અને પોષક આહારનો ટેકો મળશે. તેમ શાળા સમય પછી પ્રકૃતિ અને પરિવાર સાથે ઊર્જાવાન સમય પસાર કરી શકશે. કદાચ વહીવટી પ્રતિકૂળતા સપાટી પર દેખાશે પરંતુ બાળકના હિત ખાતર શિક્ષણ સંસ્થાઓ વિચારે તેવી પ્રાર્થના છે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**સાયન્સ - B - ગ્રૂપમાં વિદ્યાર્થીઓમાં આ વર્ષે ૮૨૦૦થી વધુનો ઘટાડો :**

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષામાં આ વર્ષે - બી (B) ગ્રૂપના વિદ્યાર્થીઓમાં ૧૧ ટકાથી વધુનો મોટ ઘટાડો નોંધાયો છે. એટલે કે ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે - બી - (B) ગ્રૂપમાં ૮૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. ગયા વર્ષે - બી - (B) ગ્રૂપમાં શાળાએ જનારા રેગ્યુલર વિદ્યાર્થીઓની કેટેગરીમાં ૭૨૫૬૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ત્યારે આ વર્ષે ૬૪૩૩૮ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે A ગ્રૂપમાં ૬ ટકા વિદ્યાર્થી ઘટ્યા છે.

**પાંચ વર્ષના એ-બી-ગ્રૂપના કેટલા વિદ્યાર્થી**

| વર્ષ | એ ગ્રૂપ | બી ગ્રૂપ | એબીગ્રૂપ | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૪૩૧૪૨ | ૬૪૧૦૬ | ૧૬ | ૧૦૭૨૬૪ |
| ૨૦૨૨ | ૩૩૪૪૬ | ૬૨૨૩૧ | ૩૮ | ૯૫૭૧૫ |
| ૨૦૨૩ | ૪૦૩૮૦ | ૬૯૮૨૦ | ૨૯ | ૧૧૦૨૨૯ |
| ૨૦૨૪ | ૩૮૮૨૮ | ૭૨૫૬૭ | ૧૯ | ૧૧૧૪૧૪ |
| ૨૦૨૫ | ૩૬૪૫૫ | ૬૪૩૩૮ | ૨૦ | ૧૦૦૮૧૩ |

પોતાની કારકિર્દી અને સરળતાને ધ્યાનમાં રાખીને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગ્રૂપ બદલતા હોય છે. આવા બદલાવથી પરીક્ષા બાબતે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે.

**બજેટમાં શિક્ષણ :**

ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં સામાજિક સુરક્ષા અને શિક્ષણ માટે નીચે મુજબની ફાળવણી કરવામાં આવી છે.

આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ રોજગાર અને માળખાકીય સુવિધા માટે રૂા. ૧૧૦૦ કરોડની જોગવાઈ કરી છે. તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી

શકાય તે માટે અમદાવાદ એલડી ઈજનેરી કૉલેજ ઉપરાંત છ સરકારી ટેકનિકલ સંસ્થાઓમાં આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ લેબોરેટરી બનાવવામાં આવશે.

ગુજરાતના ૭૧ તાલુકા મથકોએ નવા ગ્રંથાલય શરૂ કરવા માટે રૂપિયા ૧૬ કરોડની જોગવાઈ બજેટમાં કરાઈ છે. જેમાં ગ્રંથાલય ભવનોના તબક્કાવાર નિર્માણ માટે આગામી વર્ષમાં ૭ (સાત) જિલ્લા ગ્રંથાલય, ૧૫ તાલુકા ગ્રંથાલયો માટે રૂપિયા ૧૪ કરોડની જોગવાઈનો સમાવેશ થાય છે. ૫૩ આદિજાતિ વિસ્તારના ગ્રંથાલયની સુવિધા વિકસાવવા પણ આ બજેટમાં આયોજન કરાયું છે.

દેશ-વિદેશના લોકો નરસિંહ મહેતા અને અન્ય મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને જાણી શકે તે માટે ''નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર'' માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરાઈ છે. રાજ્યના લોકમેળાને પુનઃજીવિત કરવા તથા કલા મહોત્સવના આયોજન માટે રૂપિયા ૧૭ કરોડની જોગવાઈ છે. આ બજેટમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ તેમજ સાહિત્ય અકાદમી માટે રૂપિયા ૨૦૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**ગુજરાત યુનિવર્સિટીને પ્રથમવાર નેકમાં A+ ગ્રેડ :**

રાજ્યની સૌથી મોટી અને જૂની ગુજરાત યુનિવર્સિટીને અંતે દસ વર્ષે ફરી નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ)ની માન્યતા મળી ગઈ છે. અને નેકમાં યુનિવર્સિટીને પ્રથમવાર A+ (પ્લસ) ગ્રેડ મળ્યો છે. આ સાથે ગુજરાત યુનિવર્સિટી રાજ્યની ચોથી A+ ગ્રેડ ધરાવતી સરકારી યુનિવર્સિટી બની છે. દેશની હાલ A+ (પ્લસ) ધરાવતી ૯ ટકા સંસ્થાઓમાં ગુજરાત યુનિવર્સિટીનો સમાવેશ થઈ ગયો છે. હાલ એ પ્લસમાં ૩ ખાનગી અને એક સરકારી સહિત ચાર યુનિવર્સિટીઓ તથા એ પ્લસમાં ચાર સરકારી અને ૩ ખાનગી યુનિવર્સિટીઓ છે. એક સરકારી અને ૬ ખાનગી સહિત સાત યુનિવર્સિટીઓને એ - ગ્રેડ છે. કેટલી યુનિવર્સિટીને કયો ગ્રેડ છે તે નીચે મુજબના કોઠા પરથી જાણી શકાય છે.

| ગ્રેડ | યુનિવર્સિટી (સરકારી) |
|---|---|
| એ પ્લસ પ્લસ | ૧ (આંબેડકર) |
| એ પ્લસ | ૪ |
| એ ગ્રેડ | ૧ (એસપી) |
| બી પ્લસ પ્લસ | ૧ (દક્ષિણ ગુજરાત) |
| બી પ્લસ | ૧ (ટીચર્સ યુનિવર્સિટી) |
| બી ગ્રેડ | ૩ |
| સી ગ્રેડ | ૧ (ભાવનગર) |

એ પ્લસમાં એમ એસ. યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, જીટીયુ અને ગુજરાત યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.

**૫૭ યુનિવર્સિટીના ૮૫૨ પીએચ.ડી. વિદ્યાર્થીને સ્કોલરશીપ : ગુજરાત યુનિવર્સિટી ચોથા નંબરે :**

રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીઓમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓની સંખ્યા વધે અને તેઓને આર્થિક સહાય મળે તે માટે ૨૦૧૯માં શરૂ કરેલી શોધ પીએચ.ડી. સ્કોલરશીપ

યોજના અંતર્ગત ૨૦૨૩-૨૪ના વર્ષમાં અરજી કરનારા વિદ્યાર્થીઓના સ્કોલરશીપનું પરિણામ જાહેર થયું. તે મુજબ રાજ્યની સરકારી અને ખાનગી સ્ટેટ યુનિવર્સિટી તેમજ ડિમ્ડ અને સેન્ટ્રલ યુનિવર્સિટી સહિતની ૫૭ યુનિવર્સિટીઓના ૮૫૨ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મંજૂર કરવામાં આવી છે. જેમાં સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત યુનિવર્સિટી ચોથા નંબરે આવે છે. ગયા વર્ષે ૮૭૦ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવી હતી.

**રોલ ઑફ લાઈબ્રેરી ઈન વિકસિત ભારત @ ૨૦૪૭' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો :**

તા. ૪-૧-૨૦૨૫ને શનિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - અમદાવાદ ખાતે યુનિવર્સિટી સંચાલિત વિવેકાનંદ લાઈબ્રેરી તથા રાજારામ મોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે - ''રોલ ઑફ લાઈબ્રેરી ઈન વિકસિત ભારત - @ ૨૦૪૭'' વિષય પર યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડૉ. અમીબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

**આગામી શૈક્ષણિક વર્ષથી ધોરણ ૧ થી ૧૨માં ૧૪ પુસ્તકો ફેરફાર સાથે નવા આવશે :**

આગામી શૈક્ષણિક વર્ષથી રાજ્યની ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨માં ૧૪ (ચૌદ) નવા પુસ્તકો અમલમાં આવશે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી વિવિધ ધોરણોમાં કુલ ૧૪ પાઠ્યપુસ્તકો નવા આવશે જે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે.

આ નવા પુસ્તકોમાં ધોરણ-૬ અંગ્રેજી દ્વિતીય ભાષા, ધોરણ-૮ ગુજરાતી પ્રથમ ભાષા, ધોરણ-૧ ગુજરાતી પ્રથમ ભાષા, ધોરણ-૧ ગુજરાતી દ્વિતીય ભાષા, ધોરણ-૭ મરાઠી પ્રથમ ભાષા, ધોરણ-૮ ગણિત દ્વિભાષી, ધોરણ-૮ વિજ્ઞાન દ્વિભાષી, ધોરણ-૧૨ અર્થશાસ્ત્ર તથા ધોરણ-૭ અનિવાર્ય સંસ્કૃતમ્ - ૧, ધોરણ-૭ સંસ્કૃતમ્-૨, ધોરણ-૭ ગણિત-વિજ્ઞાન તથા સામાજિક વિજ્ઞાન અને સર્વાંગી શિક્ષણના પુસ્તકો છે. જેમાં ધોરણ-૭ના સંસ્કૃત માધ્યમના પુસ્તકો છે.

શાળાઓમાં ઉનાળુ વેકેશન દરમિયાન જ નવા પુસ્તકો તૈયાર કરીને મોકલી દેવાશે.

**ટૂંકાવીને...**

- ગુજરાત સરકારે બજેટ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે શિક્ષણ પાછળ ૫૯,૯૯૯ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.
- જામનગરમાં કૃષિ કૉલેજ, થરાદમાં કૃષિ ઈજનેરી કૉલેજ સ્થપાશે.
- આંગણવાડી કાર્યકરોના વેતન માટે રૂા. ૧૨૪૧ ફાળવવામાં આવ્યા.
- સરકારી ટેકનિકલ સંસ્થામાં AI લેબ શરૂ કરવા માટે રૂા. ૧૭૫ કરોડ ફાળવવામાં આવ્યા.
- પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને સહાય માટે રૂા. ૨૦ કરોડ.
- ગુજરાતમાં ધોરણ-૯ અને ૧૧ની ૩૧૮ નવી શાળાઓ શરૂ કરવામાં અરજી નોંધાઈ.
- શતાબ્દી વર્ષ નિમિત્તે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા મ્યુનિસિપલ શાળાના એક હજાર વિદ્યાર્થીઓને લોક ગાઈડ બનાવાશે.

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત

## બાળ વિહાર તેમજ પ્રાથમિક વિભાગ દ્વારા બાળકો માટે યોજવામાં આવેલ શૈક્ષણિક પ્રવાસની લાક્ષણિક તસ્વીરો




















**ઘરશાળા**
એપ્રિલ-૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

## ઋતુરાજ

"રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો,
મુકામ તેણે વનમાં જમાવ્યો
તરુવરોએ શણગાર કીધો
જાણે વસંતે શિરપાવ દીધો
જૂના જૂના તરુવર ગયાં ખરી ને
શોભે તરુપત્ર ત્યાં વસીને
આંબે જુઓ મોર અપાર આવ્યા
જાણે ખજાનો ભરી મ્હોર લાવ્યા
જો કોકિલા ગામ રૂડું કરે છે
વસંતના શું જશ ઉચ્ચરે છે
બોલે મીઠું કોકિલ એ જ્યારે
વાદ બીજા એથી મીઠું ઉચારે"

— દલપતરામ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું